એને-૩

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૪/૨૦૧૨–૧૩,
તા. ૩૦.૦૭.૨૦૧૨
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

અરજદાર : શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

ફરીયાદની હકીકત :

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૭.૦૬.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ કોસાડ આવાસના કૌભાંડનો વિજીલન્સનો રીપોર્ટ જે સુરત મહાનગરપાલિકાના કમિશનર સાહેબને સોંપેલ હોય જેની માહિતીની નકલો વિગેરે મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : (૧) અરજદાર મજકુરની તા. ૩૦.૦૭.૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૪/૨૦૧૨–૧૩ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૭.૦૬.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) કોસાડ આવાસના કૌભાંડનો વિજીલન્સનો રીપોર્ટ જે SMC ના કમિશનર સાહેબને સોંપેલ હોય જેની માહિતીની નકલો. (૨) સને નવેમ્બર ૨૦૧૧ ના સ્થાયી સમિતિના સભ્યશ્રી ભીમજી પટેલ અને અન્ય સભ્ય બહુ ઉંચી વાતો–તપાસ સદર કોસાડ આવાસ ૧૭૭૬ ના ૨૦ કરોડ રૂા. ની તપાસ તળીયા ઝાટક થવી જોઈએ અને આજે સ્થાયી સમિતિના સભ્યશ્રી જાણતા હોય કે સદર આવાસમાં ૨૦ કરોડ રૂા. નો કૌભાંડ થયેલ છે જે વાસ્તવિક છે તેમ છતાં ચૂપ રહેવા અંગેની માહિતી. (૩) સને નવેમ્બર ૨૦૧૧ ના સ્થાયી સમિતિના પૂર્વ અધ્યક્ષશ્રી મુકેશ દલાલના ઠરાવથી મહે. કમિશનરશ્રીએ સદર ૧૭૭૬ કોસાડ આવાસની ઈન્કવાયરી સીટી ઈજનેરશ્રી જતીન શાહ અને ડે. કમિશનરશ્રી શરદ મહેતા અને વિજીલન્સના અધિકારીની સમિતિએ અઠવાડિયા કે એક માસની જગ્યાએ ત્રણ માસ પછી પણ સદર ઈન્કવાયરી ૨૦ કરોડ રૂા. ના કૌભાંડને તહસ–નહસ રફે દફે કરવા ટાઉન પ્લાનીંગના અધિકારી અને સ્લમ અપગ્રેડેશન વિભાગના ડે. કમિશનરને દૂધે ધોયેલા–કલીનચીટ કયા આધારે આપ્યા જે અંગેની આધાર–પુરાવા સહિતની માહિતીની નકલ. (૪) કોસાડ ૧૭૭૬ આવાસ કૌભાંડ ૨૦ કરોડ રૂા. નું થયેલ છે. જે વાસ્તવિક છે એટલે કોઈ તો જવાબદાર હોવો જ જોઈએ. જેથી વિજીલન્સ સમિતિના ઈન્કવાયરી કરનાર જ જવાબદાર જણાય છે. જેઓની જવાબદારી ફીકસ કરી સાથે સાથે ટાઉન પ્લાનીંગ અધિકારી અને સ્લમ અપગ્રેડેશનની પણ જવાબદારી આગળ ફીકસ કરેલ છે. જેથી આ વિજીલન્સ સમિતિના ઈન્કવાયરી કરનારા અધિકારીઓની અને ટાઉન પ્લાનીંગના ડે. કમિશનર અને સ્લમ અપગ્રેડેશનના ડે. કમિશનર પાસેથી જ સદર ૨૦ કરોડ રૂા. ના કૌભાંડની રકમ વસુલવા અંગેની માહિતીની નકલ આપવા બાબત સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર ક્રમાંકઃ એસયુસી/આઉટ નં. ૯૦૬, તા. ૦૩/૦૭/૨૦૧૨ માં માંગેલ માહિતી નીલ આપવામાં આવેલ જેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦/૦૭/૨૦૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા. ૨૭/૦૬/૨૦૧૨ ની અરજીથી સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર ક્રમાંક : એસયુસી/આઉટ નં. ૯૦૬, તા. ૦૩.૦૭.૨૦૧૨ માં માંગેલ માહિતી પ્રમાણે મુદ્દા નં. (૧) કોસાડ આવાસના કૌભાંડનો વિજીલન્સનો રીપોર્ટ જે SMC ના કમિશનર સાહેબને સોંપેલ હોય જેની માહિતીની નકલો બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી) ઉપરોકત માહિતી વિજીલન્સ વિભાગને સ્પર્શતી હોય અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. (૨) સને નવેમ્બર ૨૦૧૧ ના સ્થાયી સમિતિના સભ્યશ્રી ભીમજી પટેલ અને અન્ય સભ્ય બહુ ઉંચી વાતો–તપાસ સદર કોસાડ આવાસ ૧૭૭૬ ના ૨૦ કરોડ રૂા. ની તપાસ તળીયા ઝાટક થવી જોઈએ અને આજે સ્થાયી સમિતિના સભ્યશ્રી જાણતા હોય કે સદર આવાસમાં ૨૦ કરોડ રૂા. નો કૌભાંડ થયેલ છે જે વાસ્તવિક છે તેમ છતાં ચૂપ રહેવા અંગેની માહિતી. બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી) ઉપરોકત માહિતી વિજીલન્સ વિભાગને સ્પર્શતી હોય અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. (૩) સને નવેમ્બર ૨૦૧૧ ના સ્થાયી

Fwd To DE-III to knf.
21/8/12
S.O
22/8/2012

સમિતિના પૂર્વ અધ્યક્ષશ્રી મુકેશ દલાલના ઠરાવથી મહે. કમિશનરશ્રીએ સદર ૧૭૭૯ કોસાડ આવાસની ઈન્કવાયરી સીટી ઈજનેરશ્રી જતીન શાહ અને ડે. કમિશનરશ્રી શરદ મહેતા અને વિજીલન્સના અધિકારીની સમિતિએ અઠવાડિયા કે એક માસની જગ્યાએ ત્રણ માસ પછી પણ સદર ઈન્કવાયરી ૨૦ કરોડ રૂા. ના કૌભાંડને તહસ--નહસ રફે દફે કરવા ટાઉન પ્લાનીંગના અધિકારી અને સ્લમ અપગ્રેડેશન વિભાગના ડે. કમિશનરને દૂધે ધોયેલા--ક્લીનચીટ કયા આધારે આપ્યા જે અંગેની આધાર--પુરાવા સહિતની માહિતીની નકલ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી) ઉપરોકત માહિતી વિજીલન્સ વિભાગને સ્પર્શતી હોય અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. (૪) કોસાડ ૧૭૭૬ આવાસ કૌભાંડ ૨૦ કરોડ રૂા. નું થયેલ છે. જે વાસ્તવિક છે એટલે કોઈ તો જવાબદાર હોવો જ જોઈએ. જેથી વિજીલન્સ સમિતિના ઈન્કવાયરી કરનાર જ જવાબદાર જણાય છે. જેઓની જવાબદારી ફીકસ કરી સાથે સાથે ટાઉન પ્લાનીંગ અધિકારી અને સ્લમ અપગ્રેડેશનની પણ જવાબદારી આગળ ફીકસ કરેલ છે. જેથી આ વિજીલન્સ સમિતિના ઈન્કવાયરી કરનારા અધિકારીઓની અને ટાઉન પ્લાનીંગના ડે. કમિશનર અને સ્લમ અપગ્રેડેશનના ડે. કમિશનર પાસેથી જ સદર ૨૦ કરોડ રૂા. ના કૌભાંડની રકમ વસુલવા અંગેની માહિતીની નકલ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી) સદર માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તે મુજબ જણાવી મજકુર અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે.

મજકુર અરજદારની તા. ૩૦.૦૭.૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૪/૨૦૧૨--૧૩ અંગે તા. ૦૯.૦૮.૨૦૧૨ ના રોજ ૪.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગેશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ/૧૧૪૯, તા. ૦૩.૦૮.૨૦૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભમાં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તા. ૦૯/૦૮/૨૦૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ની ઓફીસમાં રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતા. પરંતુ ત્યારબાદ મજકુર અરજદારે અત્રેના વિભાગમાં તા. ૧૩/૦૮/૨૦૧૨ થી લેખિત રજુઆત કરી તેઓની પ્રથમ અપીલ અરજીમાં જણાવેલ રજુઆતને જ માન્ય રાખવા જણાવેલ છે. પરંતુ તેઓની રજુઆતની બાબતના મુદ્દા સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતા ન હોય તથા મજકુર અરજદારને તા. ૦૯/૦૮/૨૦૧૨ ના રોજ રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવેલ હોય અને તેઓ હાજર રહેલ ન હોય તેઓની રજુઆત બાબતે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭/૦૬/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પૂરી પડાયેલ માહિતીમાં સ્લમ અપગ્રેડેશન વિભાગને મુદ્દા નં. ૧ થી ૪ સ્પર્શતા ન હોય સ્લમ અપગ્રેડેશન વિભાગે અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આમ છતાં અરજદાર સ્લમ અપગ્રેડેશન વિભાગમાં નિયમાનુસાર કાર્યવાહી હેઠળ રેકર્ડ તપાસણી કરવા અંગે સ્વતંત્ર છે.

નં. એસયુસી ૧૨૬૯
તા. ૨૪/૮/૧૨

૨૪/૮/૧૨
(જે. આર. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ : (૧) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર .................... પ્રતિ
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) ......... જાણ તથા અમલ સારૂ.

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૯/૨૦૧૨–૧૩,
તા. ૧૧.૦૧.૨૦૧૩
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

**અરજદાર :** શ્રી લક્ષ્મણદાસ નારણદાસ પટેલ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી લક્ષ્મણભાઈ નારણદાસ પટેલની તા. ૧૯/૧૨/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ મંજુર થયેલ ટી.પી.નં.૩૨(અડાજણ), ફા.પ્લોટ નં. ૨૯ નો હેતુ શું છે ? તથા પ્લોટ નં. ૧૧૬ નો હેતુ શું છે ? તે વિગતનો પ્રમાણિત નાનો નકશો અમોને આપવો વિગેરે મુદ્દા નં. ૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા. ૧૨/૦૨/૨૦૧૩ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૯/૨૦૧૨–૧૩

શ્રી લક્ષ્મણભાઈ નારણદાસ પટેલની તા. ૧૯/૧૨/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ મંજુર થયેલ ટી.પી.નંબર. ૩૨(અડાજણ) ફાઈનલ સ્કીમ પ્લોટ નંબર : ૨૯ નો હેતુ શું છે ? તથા પ્લોટ નંબર : ૧૧૬ નો હેતુ શું છે? તે વિગતનો પ્રમાણિત નાનો નકશો અમોને આપવો. મુદ્દા નં. ૨ ટી.પી.નંબર : ૩૨(અડાજણ) ફાઈનલ સ્કીમ પ્લોટ નંબર : ૧૧૬ માં ઈડબલ્યુએસ આવાસો બાંધવાનું મંજુર થયેલ છે તે કામના વર્ક ઓર્ડરની નકલ તથા કામની છેલ્લી સ્થિતિની અહેવાલની નકલ અમોને આપવી. મુદ્દા નં. ૩ ટી.પી.નંબર : ૩૨(અડાજણ) ફાઈનલ સ્કીમ પ્લોટ નંબર : ૧૧૬ માં ઈડબલ્યુએસ આવાસો બાંધવાના વિરોધ માટે મળેલ રજુઆતોની નકલ જે પરિપત્ર/ઠરાવને આધારે તેઓની રજુઆત વિચારવામાં લીધેલ હોય કે લેવામાં આવી રહેલ હોય તેની નકલ અમોને આપવી. મુદ્દા નં. ૪ મંજુર ટી.પી.નંબર : ૩૨(અડાજણ) ફાઈનલ સ્કીમ પ્લોટ નંબર : ૧૧૬ માં આવાસો બાંધવાનો વિરોધ થતા નીચેથી ઉપર સુધી જે જે અધિકારીશ્રીઓએ હેતુફેર માટે અભિપ્રાય આપેલ હોય તેની નકલ, ફાઈલ પર થયેલ નોટીંગની નકલ, અભિપ્રાય આપનાર દરેક અધિકારીશ્રીના નામ કચેરી તથા ફોન નંબરની વિગત તથા જે પરિપત્ર ઠરાવ નિયમના આધારે અભિપ્રાય આપેલ હોય તેની નકલ અમોને આપવી. મુદ્દા નં. ૫ મંજુર થયેલા ટી.પી.નંબર : ૩૨(અડાજણ) ફાઈનલ સ્કીમ પ્લોટ નંબર : ૨૯ માં મુળ મંજુર થયેલ મુળ હેતુ મુજબ જ કાર્યવાહી કરવા માટે રજુઆતોની સંખ્યાની વિગતો અમોને આપવી. મુદ્દા નં. ૬ મંજુર થયેલા ટી.પી.ફાઈનલ ટી.પી.માં ઈડબલ્યુએસ આવાસ બાંધકામનો હેતુ દર્શાવેલ હોય તેને અન્ય હેતુમાં ફેરફાર કરવા માટેના પરિપત્ર/ઠરાવના સંબંધિત પાનાની નકલો અમોને આપવી. મુદ્દા નં. ૭ મંજુર થયેલ ટી.પી.ફાઈનલમાં 'સેલ ફોર કોર્મશીયલી' હેતુ દર્શાવેલ હોય તેને ઈડબલ્યુએસ આવાસ બાંધકામના હેતુમાં ફેરફાર કરવા માટે પરિપત્ર/ઠરાવના સંબંધિત પાનાની નકલો અમોને આપવી. મુદ્દા નં. ૮ મંજુર થયેલા ફાઈનલ ટી.પી.માં પ્લોટોનો જે હેતુ દર્શાવેલ હોય તેને ફેરફાર કરવા માટે જે જે અધિકારીશ્રીઓને પાવર/સત્તા આપવામાં આવેલ હોય તે પરિપત્ર/ઠરાવની નકલો અમોને આપવી. મુદ્દા નં. ૯ ફાઈલ ટી.પી.સ્કીમ નંબર : ૩૨(અડાજણ) ના પ્લોટ નંબર : ૨૯ માં મુળ મંજુર સેલ ફોર કોર્મશીયલ હેતુ ફેરફાર કરવા માટે મળેલ રજુઆતોની નકલ જે જે અધિકારીશ્રીઓએ હેતુ ફેરફાર કરવા માટે અભિપ્રાય આપેલ હોય તેની નકલ, ફાઈલ પર થયેલ નોટીંગની નકલ તેગજ લગત દરેક અધિકારીશ્રીઓના નામ, કચેરી તથા ફોન નંબરની વિગત દરેક અધિકારીશ્રીઓએ જે પરિપત્ર/ઠરાવના આધારે અભિપ્રાય આપેલ હોય તેની નકલની વિગતો અમોને આપવી. મુદ્દા નં. ૧૦ ટી.પી.૩૨(અડાજણ) માં કોઈ ખાસ લોકોને કે લોકાલીટીને લાભ આપવા માટે બીજી કોઈ જગ્યાના કોઈ પ્લોટમાં હેતુ ભંગ કરી ઈડબલ્યુએસ આવાસો બાંધવાની કાર્યવાહી કરવમાં આવી રહેલ ત્યારે ન્યાય મેળવવા માટે કે રજુઆત કરવા માટે જે અધિકારીશ્રીઓને લખાણ કરવાનો હોય તેનો નામ હોદ્દો, કચેરીનું સરનામું, ફોન નંબરની માહિતી આપવા અમોને વિનંતી છે. તા. ૧૯/૧૨/૨૦૧૨ ના

Smt Reshmaben
for n.d. Pd
11.3.13

D/S.C/RTI/APIL-1.

રોજની અરજાંથી સ્લમ અપગ્રેડેશન વિભાગ અને ટાઉન પ્લાનીંગ વિભાગ પાસેથી માંગેલ તે માહિતી અધુરી અને અપૂરતી માહિતી આપવામાં આવેલ હોય એપેલેટ ઓફિસરને તા. ૧૨/૦૨/૨૦૧૩ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા. ૧૯/૧૨/૨૦૧૨ ની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૨૩૧૮, તા. ૧૫/૦૧/૨૦૧૩ થી નીચે મુજબ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

મુદ્દા નં. ૨ ટી.પી.નંબર : ૩૨(અડાજણ) ફાઈનલ સ્કીમ પ્લોટ નંબર : ૧૧૬ માં ઈડબલ્યુએસ આવાસો બાંધવાનું મંજુર થયેલ છે તે કામના વર્કઓર્ડરની નકલ તથા કામની છેલ્લી સ્થિતિની અહેવાલની નકલ અમોને આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડૅશન વિભાગ) તરફથી ટી.પી.નંબર : ૩૨(અડાજણ), ફા.પ્લોટ નં. ૧૧૬ ખાતે EWS આવાસો બનાવવાનાં કામનાં વર્કઓર્ડરની નકલનાં ૨(બે) પાના થવા જાય છે. પાના દીઠ રૂા. ૨/– ગણતા કુલ રૂા.૪/– સુરત મહાનગરપાલિકાના કોઈપણ નાગરિક સુવિધા કેન્દ્રમાં ભરપાઈ કર્યાની અસલ રસીદ અત્રે રજુ કર્યેથી આપી શકાશે. સદર પ્લોટમાં હાલમાં કોઈ કામગીરી ચાલુ નથી. મુદ્દા નં. ૩ ટી.પી. નંબર : ૩૨(અડાજણ) ફાઈનલ સ્કીમ પ્લોટ નંબર : ૧૧૬ માં ઈડબલ્યુએસ આવાસો બાંધવાના વિરોધ માટે મળેલ રજુઆતોની નકલ જે પરિપત્ર/ઠરાવને આધારે તેઓની રજુઆત વિચારવામાં લીધેલ હોય કે લેવામાં આવી રહેલ હોય તેની નકલ અમોને આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી ટી.પી.નંબર : ૩૨(અડાજણ), ફા.પ્લોટ નં. ૧૧૬ માં EWS આવાસો બાંધવાના વિરોધ માટે મળેલ રજુઆતોની નકલનાં કુલ–૦૬ પાના થવા જાય છે. પાના દીઠ રૂા. ૨/– ગણતા કુલ રૂા.૧૨/– સુરત મહાનગરપાલિકાના કોઈપણ નાગરિક સુવિધા કેન્દ્રમાં ભરપાઈ કર્યાની અસલ રસીદ અત્રે રજુ કર્યેથી આપી શકાશે. ઉપરોકત મુદ્દા નં. ૩ માં જણાવેલ કોઈ પરિપત્ર/ઠરાવ અત્રેનાં રેકર્ડ પર ઉપલબ્ધ નથી. મુદ્દા નં. ૪ મંજુર થયેલ ટી.પી.નંબર : ૩૨(અડાજણ) ફાઈનલ સ્કીમ પ્લોટ નંબર : ૧૧૬ માં આવાસો બાંધવાનો વિરોધ થતા નીચેથી ઉપર સુધી જે જે અધિકારીશ્રીઓએ હેતુફેર માટે અભિપ્રાય આપેલ હોય તેની નકલ, ફાઈલ પર થયેલ નોટીંગની નકલ, અભિપ્રાય આપનાર દરેક અધિકારીશ્રીના નામ કચેરી તથા ફોન નંબરની વિગત તથા જે પરિપત્ર ઠરાવ નિયમના આધારે અભિપ્રાય આપેલ હોય તેની નકલ અમોને આપવી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી ટી.પી.૩૨(અડાજણ), ફા.પ્લોટ નં. ૧૧૬ માં આવાસો બાંધવાનો વિરોધ થતા કોઈપણ અધિકારીશ્રીએ હેતુફેર માટે અભિપ્રાય આપેલ નથી. પરંતુ સ્થાન ફેર બાબતે મળેલ મંજુરીની નોંધ વિભાગની નકલનાં કુલ–૨ પાના થવા જાય છે. પાના દીઠ રૂા. ૨/– ગણતા કુલ રૂા.૪/– સુરત મહાનગરપાલિકાના કોઈપણ નાગરિક સુવિધા કેન્દ્રમાં ભરપાઈ કર્યાની અસલ રસીદ અત્રે રજુ કર્યેથી આપી શકાશે. તથા ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ તેઓના પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૨૪૫૬, તા. ૦૪/૦૨/૨૦૧૩ થી મજકુર અરજદારને માહિતીના માંગેલ પુરાવાના કુલ–૧૦ પાનાની નકલ પૂરી પાડવામાં આવેલ છે.

મજકુર અરજદારની તા. ૧૨/૦૨/૨૦૧૩ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૯/૨૦૧૨–૧૩ અંગે તા. ૨૦/૦૨/૨૦૧૩ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સૂનાવણી અંગે શ્રી લક્ષ્મણદાસ નારણદાસ પટેલ અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ નં. ૨૬૪૬, તા. ૧૫/૦૨/૨૦૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ. જેનાં સંદર્ભમાં અરજદારશ્રી લક્ષ્મણદાસ નારણદાસ પટેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) ની ઓફિસમાં રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ હતાં. મુદ્દા નં. ૪ બાબતે સંબંધિત કર્મચારી/અધિકારીઓના નામ ફોન નંબરની માહિતી તથા મુદ્દા નં. ૫ બાબતે સંબંધિત કાર્યવાહી અર્થે થયેલ વિવિધ રજુઆતોની સંખ્યા(ની) માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન

વિભાગ) તરફથી પૂરી પડાયેલ ન હોય વિનામૂલ્યે પૂરી પાડવાની રહે છે જયારે મુદ્દા નં. ૧ તથા ૬ થી ૧૦ ના મુદ્દાઓ ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શે છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૯/૧૨/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૪ ની અંશતઃ અને મુદ્દા નં. ૫ ની નહી પૂરી પડાયેલ માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં નીચે સહી કરનારની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને જણાવવામાં આવે છે. તેમજ ભવિષ્યમાં ઉપલબ્ધ દફતરી વિગતોને ધ્યાને લઈ અરજદારને એકી સાથે તમામ માહિતી સમયમર્યાદામા પુરી પાડવા તાકીદ કરવામાં આવે છે. અરજદાર તેઓની તા. ૧૨/૦૨/૨૦૧૩ ની અપીલ અરજી અન્વયે ટાઉન પ્લાનીંગ વિભાગમાંથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

11/03/13
(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા

નં. એસયુસી /આ/ ૨૮૯૫
તા. 11/03/13

પ્રતિ : (૧) શ્રી લક્ષ્મણદાસ નારણદાસ પટેલ ..................... પ્રતિ

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

Speedpost

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૮/૨૦૧૨–૧૩,
તા. ૧૧.૦૧.૨૦૧૩
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

**અરજદાર :** શ્રી ઝમીર ઝેડ. શેખ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી ઝમીર ઝેડ શેખની તા. ૧૬.૦૪.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા જે ૪૦૬ સ્લમ્સ નોટીફાઈ / આઈડેન્ટીફાઈ કરવામાં આવ્યા છે તેની યાદી આપવા મહેરબાની કરશોજી વિગેરે મુદ્દા નં. ૧ થી ૩, તા. ૧૩/૦૩/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ પ્લોટ નં. ૧૮૪ ટી.પી.૭(આંજણા) ઉપર સુરત મહાનગરપાલિકાનો શુ આયોજન છે તે અંગેની માહિતી વિગેરે મુદ્દા નં. ૧ થી ૪, તા. ૨૦/૦૪/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) ટી.પી.૮, ફા.પ્લોટ નં. ૩૦ તેમજ ૬ રીઝર્વેશન હેઠળ છે તે અંગેની માહિતીના મુદ્દા નં. ૧ થી ૩, તા. ૧૭/૦૪/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ કયા ઠરાવના આધારે પ્લોટ નં. ૧૮૪ ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) ઉપર લોકોને જગ્યા ફાળવવામાં આવેલ તે અંગેની સંપૂર્ણ માહિતી આપવી તમામ પેપર્સની સહી સિકકાવાળી નકલો આપવી વિગેરે મુદ્દા નં. ૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : (૧) અરજદાર મજકુરની તા. ૧૧.૦૧.૨૦૧૩ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૮/૨૦૧૨–૧૩

શ્રી ઝમીર ઝેડ. શેખની તા. ૧૬/૦૪/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા જે ૪૦૬ સ્લમ નોટીફાઈ/આઈડેન્ટીફાઈ કરવામાં આવ્યા છે તેની યાદી આપવા મહેરબાની કરશોજી. મુદ્દા નં. ૨ સુરત મહાનગરપાલિકા સ્લમ(ઝુંપડપટ્ટી) કોને કહી છે અથવા કોને ગણે છે તેની સંપૂર્ણ વ્યાખ્યા (ડેફીનેશન) જો કોઈ નકકી કરી હોય તો તે આપવા મહેરબાની કરશો. મુદ્દા નં. ૩ સ્લમ કલીયરન્સ બોર્ડ કે જે અગાઉ અસ્તિત્વમાં હતુ તેનુ બંધાણ અને તેને લગતી સામગ્રી તમામ લિટરેચર આપવા મહેરબાની કરશોજી. તા. ૧૩/૦૩/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ પ્લોટ નં. ૧૮૪, ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૭ આંજણા ઉપર સુરત મહાનગરપાલિકાનો શું આયોજન છે તે અંગેની માહિતી આપશોજી. મુદ્દા નં. ૨ JnNURM યોજનાનો ડ્રાફટ આપવા મહેરબાની કરશોજી. મુદ્દા નં. ૩ સુરત મહાનગરપાલિકા, ગુજરાત રાજય સરકાર તેમજ ભારત સરકારના સહયોગથી JnNURM યોજનાનું અમલીકરણ થાય છે. સુરત મહાનગરપાલિકા, ગુજરાત સરકાર તેમજ ભારત સરકાર વચ્ચે જે એગ્રીમેન્ટ થયો હોય અથવા મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ થયો હોય તે અંગેના તમામ પેપર્સની સર્ટીફાઈડ નકલ આપવા મહેરબાની કરશોજી. મુદ્દા નં. ૪ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૭ આંજણાના તમામ પેપર્સ આપવા મહેરબાની કરશોજી. તા. ૨૦/૦૪/૨૦૧૨ ની અરજીથી ટી.પી.૮, ફા.પ્લોટ નં. ૩૦ તેમજ ૬ રીઝર્વેશન હેઠળ છે તે અંગેની માહિતી મુદ્દા નં. ૧ ઉપરોકત પ્લોટ અંગે સુરત મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીમાં કેટલા અને કયાં-કયાં પ્રકારના ઠરાવો સને–૧૯૯૮ પછી થયા છે તે અંગેની સંપૂર્ણ માહિતી અને ઠરાવોની નકલ આપવા મહેરબાની કરશોજી. મુદ્દા નં. ૨ ઉપરોકત પ્લોટોની માંગણી કોઈ ખાનગી સંસ્થા, ટ્રસ્ટ કે વેપારી પેઢીએ માંગણી કરી હોય તો તે અંગેની સંપૂર્ણ માહિતી આપવા મહેરબાની કરશોજી. ઝોનલ ચીફ અથવા ઝોન ઓફિસના તેમજ મુખ્ય કચેરીના કોઈ અધિકારીએ જો કોઈ શેરો માર્યો હોય તો તે શેરાની નકલ તેમજ તે અંગેની સંપૂર્ણ માહિતી આપવા મહેરબાની કરશોજી. મુદ્દા નં. ૩ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૭, ફાયનલ પ્લોટ નં. ૧૮૪ ના ટાઈટલ અંગેની સંપૂર્ણ માહિતી આપવી. ઉપરોકત પ્લોટ ઉપર જે લોકોને વસાવવામાં આવેલ તે લોકોને કઈ શરતો

આધીન જગ્યાની ફાળવણી કરવામાં આવેલ, જો કોઈ એગ્રીમેન્ટ કે કોન્ટ્રાકટ હોય તો તેની નકલ આપવા મહેરબાની કરશોજી. તા. ૧૭/૦૪/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ કયા ઠરાવના આધારે નંબર ૧૮૪, ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) ઉપર લોકોને જગ્યા ફાળવવામાં આવેલ તે અંગેની સંપૂર્ણ માહિતી આપવી. તમામ પેપર્સની સહી સીકકાવાળી નકલો આપવી. મુદ્દા નં. ૨ કયા વિસ્તારની ઝુંપડપટ્ટી (સ્લમ) ને સાફ કરી પ્લોટ નંબર ૧૮૪, ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) ઉપર લોકોને જગ્યા ફાળવવામાં આવેલ ? કઈ શરતોને આધીન જગ્યા આપવામાં આવેલ ? તમામ પેપર્સ આપવા. મુદ્દા નં. ૩ જે લોકોને ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) ફાયનલ પ્લોટ નંબર ૧૮૪ ઉપર જગ્યા ફાળવવામાં આવેલ તેઓ પાસેથી પૈસા/અવેજ સ્વીકારવામાં આવેલ. હપ્તેથી પૈસા ભરવાની શું શરતો હતી ? આ પૈસા કયા કારણસર સ્વીકારવામાં આવેલ, અને લોકો સાથે થયેલ એગ્રીમેન્ટ/કોન્ટ્રાકટની નકલો આપવી. ઠરાવ હોય તો તેની નકલો આપવી. મુદ્દા નં. ૪ શું સુરત મહાનગરપાલિકા ઝુંપડપટ્ટી/સ્લમનું નિર્માણ કરે છે ? હા અથવા નામાં જવાબ આપવો. મુદ્દા નં. ૫ સ્લમ/ઝુંપડપટ્ટીની વ્યાખ્યા શું છે ? વિસ્તૃત જવાબ આપવો. (જે વ્યાખ્ય સુરત મહાનગરપાલિકાએ નકકી કરી હોય તે) મુદ્દા નં. ૬ સ્લમ કલીયરન્સ બોર્ડનું બંધારણ આપવું. તા. ૧૬/૦૪/૨૦૧૨ ના રોજ સ્લમ અપગ્રેડેશન વિભાગ પાસે, તા. ૧૩/૦૩/૨૦૧૨ ના રોજ ટાઉન પ્લાનીંગ અધિકારી પાસે, તા. ૨૦/૦૪/૨૦૧૨ ના રોજ વરાછા ઝોન પાસે, તા. ૧૭/૦૪/૨૦૧૨ ના રોજ સ્લમ અપગ્રેડેશન વિભાગ પાસેથી માહિતી માંગેલ તે માહિતી ન મળવાથી એપેલેટ ઓફિસરને તા. ૧૧/૦૧/૨૦૧૩ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા. ૧૬/૦૪/૨૦૧૨ ની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી નીચે મુજબ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

મુદ્દા નં. ૧ પ્લોટ નં. ૧૮૪, ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૭ આંજણા ઉપર સુરત મહાનગરપાલિકાનો શું આયોજન છે તે અંગેની માહિતી આપશોજી.

જવાબ : સુરત મહાનગરપાલિકા તરફથી વર્ષ ૨૦૦૫ માં શહેરમાં આવેલ ઝુંપડપટ્ટીઓનું સર્વે કરવામાં આવેલ અને ત્યારબાદ વર્ષ ૨૦૦૬ માં સરકારશ્રી તરફથી શહેરમાં નવા વિસ્તારોનો સમાવિષ્ટ કરવામાં આવેલ છે. નવા સમાવિષ્ટ વિસ્તારોમાં આવેલ ઝુંપડપટ્ટી અંગે માહિતી એકત્ર કરવામાં આવેલ તે મુજબ ઝોનવાઈઝ ઓળખવામાં આવેલ અંદાજીત કુલ–૪૦૬ ઝુંપડપટ્ટીઓની યાદીના કુલ–૭ પાના થવા જાય છે. પાના દીઠ રૂા. ૨/– ગણતા કુલ રૂા. ૧૪/– સુરત મહાનગરપાલિકાના કોઈપણ નાગરીક સુવિધા કેન્દ્રમાં ભરપાઈ કર્યાની અસલ રસીદ અત્રે રજુ કર્યેથી આપી શકાશે. The Gujarat slum areas (Improvement clearance and Redevelopment) Act 1973 ની કલમ ૩ ની અમુક જોગવાઈ મુજબ જે તે વિસ્તારને ઝુંપડપટ્ટી તરીકે જાહેર કરવાની સત્તા રાજય સરકારશ્રીને છે. સરકારશ્રી તરફથી ઉકત ઝુંપડપટ્ટીને વિધીસર રીતે જાહેર કરવામાં આવેલ હોવાની માહિતી અત્રે ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૨ સુરત મહાનગરપાલિકા સ્લમ(ઝુંપડપટ્ટી) કોને કહી છે અથવા કોને ગણે છે તેની સંપૂર્ણ વ્યાખ્યા (ડેફીનેશન) જો કોઈ નકકી કરી હોય તો તે આપવા મહેરબાની કરશો.

જવાબ : The Gujarat slum Areas (Improvement, Clearance and Redevelopment)Act, 1973 ના Saction 2 અને Section 3(i) માં Slum Area ની defination નીચે મુજબ દર્શાવેલ છે.

Section 2(l) : "Slum area" means any area declared to be a slum area under sub. section (1) of section 3.

Section 3 (1) where the state Government is satisfied.

(a) that any area is a source of danger to the Health, safety or morals of the inhabitants of that area or of its neighbourhood, by reason of the area being low-lying, insanitary, squalid, over-crowded or otherwise or

(b) that the buildings in any area, used or intended to be used for human habitation are

(i) in any respect, unfit for human habitation or

(ii) by reson of delapidation, overcrowding, faulty, arrangement and design of such buildings, narrowness or faulty arrangement of streets, lack of ventilation, light or sanitation facilities, or any combination of these factors, detrimental to safety, health or morals.

It may, by notification in the official Gazette, declare such area to be a slum area and such declaration shall also be published in that area in such other manner as may be prescribed.

(2) In determining whether a building is unfit for human habitation, for the purpose of this act, regard shall be had to its condition in respect of the following matters, that is to say-

(i) repair

(ii) stability

(iii) freedom from damp

(iv) natural light and air

(v) water-supply

(vi) drainage and sanitary conveniences

(vii) facilities for storage, preparation and cooking of food and for the disposal of waste water.

and the building shall be deemed to be unfit as aforesaid, if it is so defective in one or more of the said matters that it is not reasonably suitable for occupation in that condition.

મુદ્દા નં. ૩ બાબતે જાહેર માહિતી અધિકારી અને સચિવશ્રી સ્લમ કલીયરન્સ બોર્ડનાં જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ તેઓના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૨૮૧, તા. ૨૬/૦૪/૨૦૧૨ થી અરજી તબદીલ કરેલ છે.

વધુમાં જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૪૭૪, તા. ૧૫/૦૫/૨૦૧૨ થી મજકુર અરજદારને માંગેલ પુરાવાનાં કુલ ૦૭ પાનાની નકલ પુરી પાડેલ છે.

અરજદારની તા. ૧૩/૦૩/૨૦૧૨ ના રોજની તથા તા. ૨૦/૦૪/૨૦૧૨ ના રોજની અરજીના મુદ્દા સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતા નથી.

અરજદારની તા. ૧૭/૦૪/૨૦૧૨ ના રોજથી અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી નીચે મુજબ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

મુદ્દા નં. ૪ શું સુરત મહાનગરપાલિકા ઝુંપડપટ્ટી/સ્લમનું નિર્માણ કરે છે ? હા અથવા નામાં જવાબ આપવો.

જવાબ : સુરત મહાનગરપાલિકા ઝુંપડપટ્ટી/સ્લમનું નિર્માણ કરતી નથી.

મુદ્દા નં. ૫ સ્લમ/ઝુંપડપટ્ટીની વ્યાખ્યા શું છે ? વિસ્તૃત જવાબ આપવો. (જે વ્યાખ્યા સુરત મહાનગરપાલિકાએ નક્કી કરી હોય તે)

જવાબ : The Gujarat slum Areas (Improvement, Clearance and Redevelopment)Act, 1973 ના Saction 2 અને Section 3(i) માં Slum Area ની defination નીચે મુજબ દર્શાવેલ છે.

Section 2(l) : "Slum area" means any area declared to be a slum area under sub. section (1) of section 3.

Saction 3 (1) where the state Government is satisfied.

(a) that any area is a source of danger to the Health, safety or morals of the inhabitants of that area or of its neighbourhood, by reason of the area being low-lying, insanitary, squalid, over-crowded or otherwise or

(b) that the buildings in any area, used or intended to be used for human habitation are

(i) in any respect, unfit for human habitation or

(ii) by reson of delapidation, overcrowding, faulty, arrangement and design of such buildings, narrowness or faulty arrangement of streets, lack of ventilation, light or sanitation facilities, or any combination of these factors, detrimental to safety, health or morals.

It may, by notification in the official Gazette, declare such area to be a slum area and such declaration shall also be published in that area in such other manner as may be prescribed.

(2) In determining whether a building is unfit for human habitation, for the purpose of this act, regard shall be had to its condition in respect of the following matters, that is to say-

(i) : repair
(ii) stability
(iii) freedom from damp
(iv) natural light and air
(v) water-supply
(vi) drainage and sanitary conveniences
(vii) facilities for storage, preparation and cooking of food and for the disposal of waste water.

and the building shall be deemed to be unfit as aforesaid, if it is so defective in one or more of the said matters that it is not reasonably suitable for occupation in that condition.

વધુમાં મુદ્દા નં. ૬ બાબતે જાહેર માહિતી અધિકારી અને સચિવશ્રી સ્લમ કલીયરન્સ બોર્ડને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓનો પત્ર નં. એસયુસી/આઉટ નં. ૨૮૦, તા. ૨૬/૦૪/૨૦૧૨ થી અરજી તબદીલ કરેલ છે.

મજકુર અરજદારની તા. ૧૧/૦૧/૨૦૧૩ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૮/૨૦૧૨-૧૩ અંગે તા. ૦૭/૦૨/૨૦૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગે શ્રી ઝમીર ઝેડ. શેખ અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ નં. ૨૩૯૩, તા. ૨૯/૦૧/૨૦૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભમાં અરજદારશ્રી ઝમીર ઝેડ. શેખ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)ની ઓફિસમાં રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતાં. મજકુર અરજદારને તા. ૦૭/૦૨/૨૦૧૩ ના રોજ રૂબરૂ સાંભળવાની તક આપવામાં

આવેલ છે. જેથી મજકુર અરજદારને સ્લમ અપગ્રેડેશન વિભાગ મારફત પૂરી પાડવામાં આવેલ માહિતી બાબતે કોઈ અસંતોષ હોવાનું જણાતું નથી.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૬/૦૪/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં. ૧ થી ૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ નં. ૩૮૮, તા. ૦૪/૦૫/૨૦૧૨ તથા પત્ર નં. એસયુસી/આઉટ નં. ૪૭૪, તા. ૧૫/૦૫/૨૦૧૨ થી તથા અરજદારની તા. ૧૭/૦૪/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં. ૪, ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈ જનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ નં. ૩૯૦, તા. ૦૪/૦૫/૨૦૧૨ થી દફતરી ઉપલબ્ધ હકીકતથી પૂરી પડાયેલ હોય સ્લમ અપગ્રેડેશન વિભાગે અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તેટલા પૂરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે, આમ છતાં અરજદાર સ્લમ અપગ્રેડેશન વિભાગમાં નિયમાનુસાર કાર્યવાહી હેઠળ રેકર્ડ તપાસણી કરવા અંગે સ્વતંત્ર છે. તેમજ અરજદાર તેઓની તા. ૧૧/૦૧/૨૦૧૩ ની અપીલ અરજી અન્વયે ઝોન કચેરી/ટાઉન પ્લાનીંગ વિભાગ/સ્લમ કલીયરન્સ બોર્ડમાંથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

19.02.13

(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા

નં. એસયુસી /આ/ ૨૭૦૯
તા. ૨૦/૨/૧૩

પ્રતિ : (૧) શ્રી ઝમીર ઝેડ. શેખ ..................... પ્રતિ

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૬/૨૦૧૨–૧૩,
તા. ૧૨.૧૦.૨૦૧૨
ફોન નં–૯૭૨૪૩ ૪૫૨૧૬

**અરજદાર :** શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા. ૩૧.૦૭.૨૦૧૨ ની અરજીથી અખિલ ભારતીય બાવરી સમાજ સેવા સંઘ ધ્વારા તા. ૨૯/૦૬/૨૦૧૧ ધ્વારા મે. કમિશનરશ્રી તથા તા. ૦૨/૧૨/૨૦૧૧ લિંબાયત ઝોન સુરત મહાનગરપાલિકામાં પ્રાથમિક સુવિધા મેળવવા, મકાન મેળવવા રજુઆત કરવામાં આવેલ તે અરજી બાબતે કયા પગલાં લેવામાં આવ્યા ? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ તા. ૧૨/૧૦/૨૦૧૨ ની અરજી એસયુસી/નં. અપીલ/૦૬/૨૦૧૨–૧૩

શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા. ૩૧/૦૭/૨૦૧૨ ની અરજીથી ,અખિલ ભારતીય બાવરી સમાજ સેવા સંઘ ધ્વારા તા. ૨૯/૦૬/૨૦૧૧ ધ્વારા મે. કમિશનરશ્રી તથા સ્લમ અપગ્રેડેશન અધિકારીશ્રીને સહારા દરવાજા બહાર સ્મીમેર હોસ્પિટલની સામે, સંગમ ટેકરી, સુરત પાસે વસતાં મૂર્તિવાળા, બાવરી સમાજ(વાંસફોડા), દેવી પૂજક, આદીવાસી અને અન્ય સમાજનાં લોકોની ૧૪૨ સભ્યોની નામ સહિત અરજી તથા તા. ૦૨/૧૨/૨૦૧૧ લિંબાયત ઝોન સુરત મહાનગરપાલિકામાં પ્રાથમિક સુવિધા મેળવવા, મકાન મેળવવા રજુઆત કરવામાં આવેલ તે અરજી બાબતે કયા પગલાં લેવામાં આવ્યા ? તેની કમીશનરશ્રી સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ જે બાબતે માહિતી ન મળવાને કારણે નારાજ થઈ કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાને તા. ૦૯/૧૦/૨૦૧૨ નાં રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલનાં અનુસંધાને માંગેલ માહિતીની વિષય વસ્તુ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (લિંબાયત ઝોનને) સ્પર્શતી હોય, અત્રેનાં પત્ર ક્રમાંક નં. એસયુસી/અપીલ/૧૭૩૩, તા. ૧૨/૧૦/૨૦૧૨ થી તેઓને તબદીલ કરવામાં આવેલ છે. અપીલ અરજીનાં સંદર્ભે મૂળ અરજીની નકલ બાબતે તપાસ કરતાં મજકુર અરજદારની તા. ૩૧/૦૭/૨૦૧૨ ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર (વરાછા ઝોન) મારફત પત્ર નં. RTI/સેલ/૪૪૦, તા. ૦૪/૦૮/૨૦૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી લિંબાયત ઝોનને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર (વરાછા ઝોન) ધ્વારા સ્લમ અપગ્રેડેશન વિભાગમાં અરજી તબદીલ કરવામાં આવેલ નથી.

અરજદારની તા. ૩૧/૦૭/ ૦૧૨ ની (આઈ.ડી.નં. ૪૪૦) અરજી અન્વયે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી સ્લમ :પગ્રેડેશન તરફથી પત્ર નં. SUC/Out/ 1812, તા. ૧૯.૧૦.૨૦૧૨ થી સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતા એટલે કે શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા. ૩૧/૦૭/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) અખિલ ભારતીય બાવરી સ ાજ સેવા સંઘ ધ્વારા તા. ૨૯/૦૬/૨૦૧૧ ના રોજ મુખ્ય કાર્યાલય તથા તા. ૦૨/૧૨/૨૦૧૧ લિંબાયત ઝોન ર્ રત મહાનગરપાલિકામાં પ્રાથમિક સુવિધા મેળવવા, મકાન મેળવવા રજુઆત કરવામાં આવેલ તે અરજી બાબતે કયા પગલાં લેવામાં આવેલ તેની માહિતી આપશો. બિડાણ – (૧) તા. ૦૨.૦૫.૨૦૧૧ ની અરજી (૨) તા. ૨૦.૦૫.૨૦૧૧ ની અરજી ૩) તા. ૦૧.૦૫.૨૦૦૨ ની અરજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિ ાગ તરફથી અખિલ ભારતીય બાવરી સમાજ સેવા સંઘની તા. ૦૨/૦૫/૨૦૧૧ ની

અરજી અન્વયે અત્રેના પત્ર નં. ૩૯૬, તા. ૦૮/૦૬/૨૦૧૧ થી ઉધના ઝોનને તથા પત્ર નં. ૩૯૭, તા. ૦૮/૦૬/૨૦૧૨ થી અઠવા ઝોનને ડિમોલીશન કરેલ ઝુંપડાઓની નામ સહિતની યાદી મોકલી આપવા જણાવેલ. તા. ૨૦/૦૫/૨૦૧૧ થી કરેલ અરજી અંગે અત્રેના પત્ર નં. ૫૮૧, તા. ૧૩/૦૭/૨૦૧૧ થી પ્રમુખશ્રી અખિલ ભારતીય બાવરી સમાજ સેવા સંઘ ટ્રસ્ટને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. પત્રની નકલ આ સાથે સામેલ કરેલ છે તથા તા. ૨૯/૦૬/૨૦૧૧ ની અરજી અન્વયે અત્રેના પત્ર નં. ૬૯૪, તા. ૧૮/૦૭/૨૦૧૧ થી લિંબાયત ઝોનને ઘટતું કરવા જાણ કરેલ છે. તા. ૦૧/૦૫/૨૦૦૨ ની અરજી અત્રેના વિભાગને સ્પર્શતી નથી તેવું પત્ર નં. એસયુસી/આઉટ/૧૮૧૨, તા. ૧૯.૧૦.૨૦૧૨ થી જણાવેલ છે.

મજકુર અરજદારની તા. ૧૨/૧૦/૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૬–૨૦૧૨–૧૩ અંગે સ્લમ અપગ્રેડેશન વિભાગના એસયુસી/આઉટ/૧૮૧૨, તા. ૧૯/૧૦/૨૦૧૨ થી અપીલ તબકકે પુરી પાડવામાં આવેલ માહિતીનાં સંદર્ભમાં અસંતોષ હોય કે તેઓનાં પ્રશ્ને કોઈ રજુઆત કરવા માંગતા હોય તો તા. ૦૫/૧૧/૨૦૧૨ નાં રોજ ૪.૩૦ કલાકે સુનાવણી અંગે શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાને તથા જાહેર માહિતી અધિકારી તથા ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગની અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ નં. ૧૮૮૪, તા. ૨૯/૧૦/૨૦૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ જેનાં સંદર્ભમાં અરજદારશ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા તા. ૦૫/૧૧/૨૦૧૨ નાં રોજ સાંજે ૪.૩૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગની ઓફિસમાં રૂબરૂ/સુનાવણીમાં હાજર રહેલ ન હતાં. મજકુર અરજદારને તા. ૦૫/૧૧/૨૦૧૨ નાં રોજ રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવેલ હોય તેઓને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગનાં પત્ર નં. એસયુસી/આઉટ નં. ૧૮૧૨, તા. ૧૯/૧૦/૨૦૧૨ થી અપીલ તબકકે પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે કોઈ અસંતોષ નથી. તેવું ફલીત થાય છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૩૧/૦૭/૨૦૧૨ ની (આઈ.ડી.નં. ૪૪૦) અરજીથી માંગવામાં આવેલી માહિતી અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પુરી પડાયેલ હોય સ્લમ અપગ્રેડેશન વિભાગે અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર તેઓની તા. ૧૨/૧૦/૨૦૧૨ થી અપીલ અરજી અન્વયે ઝોન કચેરીમાંથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. એસયુસી/૨૦૧૮
તા. ૧૭/૧૧/૧૨

૧૨/૧૧/૧૨
(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા

પ્રતિ : (૧) શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા ..................... પ્રતિ
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

RIGHT TO INFORMATION

**અરજદાર : શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧૬/૦૭/૨૦૧૩ ની અરજીથી આવાસ યોજના એલ.આઈ.જી.માં આવાસ ફાળવ્યા વગર જ અરજીપત્રક સાથે ભરવાજોગ રકમ અંગેની માહિતી આપવા બાબત વિગેરે

સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ તા. ૧૧/૧૦/૨૦૧૩ ની અરજી એસયુસી / અપીલ નં. / ૦૨ / ૨૦૧૩-૧૪

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧૬/૦૭/૨૦૧૩ ની અરજી આઈ.ડી.નં. ૮૧૭ થી માહિતી માંગેલ જેની મુદ્દાવાર વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ ઓછી આવક જુથના લોકો માટે એલ.આઈ.જી. આવાસ યોજના હેઠળ બંધાયેલ આવાસોની સંખ્યા, સ્થળ અને આવાસ યોજના હેઠળ ૫૦ રૂા. ના, ૨૫ રૂા. ના અને ૧૦ રૂા. ના કેટલી સંખ્યામાં અરજી ફોર્મનું વિતરણ કરવામાં આવેલ છે. જેની માહિતીની નકલ આપવા વિનંતી છે.

મુદ્દા નં. ૨ દરેક અરજીપત્રક સાથે જ આવાસની ફાળવણી કર્યા વગર જ ૫૦ રૂા. ના અરજીપત્રકના ૧૫૦૦૦ રૂા., ૨૫ રૂા. અરજીપત્રક સાથે રૂા. ૧૦૦૦૦/- અને ૧૦ રૂા. ના અરજીપત્રક સાથે ૫૦૦૦ રૂા. કોના હુકમથી, કયા સ્થાયી સમિતિના ઠરાવથી કે ગુજરાત રાજય સરકારનાં પરિપત્રના આધારે આ ગેરકાયદેસર, છેતરપીંડી અને બનાવટ સુરત શહેરના શહેરીજનો સાથે થતી હોવા અંગેની માહિતીની નકલ આપવા વિનંતી છે.

મુદ્દા નં. ૩ જેટલા આવાસ યોજના હેઠળના અરજીપત્રકનું વિતરણ કરેલ છે. તેની સામે એટલી સંખ્યામાં આવાસો બંધાયેલ જણાવો છો. જે અંગેની માહિતીની નકલ

મુદ્દા નં. ૪ આમ જાહેરાતમાં ઓછી આવક જુથના લોકો માટે એલ.આઈ.જી. આવાસ યોજના જણાવો છો અને બીજી બાજુ આવાસ ફાળવ્યા વગર જ અરજીપત્રક સાથે આવાસના પ્રમાણમાં રોકડ રકમ ભરાવો છો તો આમાં ઓછી આવકવાળા ભરવાની રકમ કેવી રીતે ભેગી કરતા હશે. તેનો શુધ્ધ બુધ્ધિથી વિચાર કરેલ જણાતો નથી. જે અંગેની માહિતી.

મુદ્દા નં. ૫ સદર આવાસ યોજનામાં જે અરજીપત્રક આવેલ હોય તેનો ડ્રો કરવાથી જેનો નંબર ડ્રો માં લાગે તેની પાસે જ ભરવાજોગ રકમ ભરાવવી જોઈએ તેની જગ્યાએ અરજીપત્રક સાથે રકમ ભરવા પાછળનો સ્પષ્ટ હેતુ શું છે તેની માહિતીની રકમ આપવા વિનંતી છે.

મુદ્દા નં. ૬ એલ.આઈ.જી. યોજના પાછળ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલનું આયોજન ઠરાવ નં. ૧૧૦/૨૦૧૩ છે. તેની માહિતીની નકલ આપવા વિનંતી.

મુદ્દા નં. ૭ સદર આવાસ ફાળવ્યા વગર અરજીપત્રક સાથ જ ભરવાજોગ રકમક બિલ્ડરોપણ કરી ન એવી આ યોજના બનાવેલ હોય જે જાહેર માહિતી અધિકાર આયોગ-ગાંધીનગરમાં બીજી અપીલ અરજીમાં જશે અને અન્ય

સરકારી ફોર્મમાં પણ જશે. આ આખી યોજના એક ફ્રોર્ડ આયોજનથી વિશેષ નથી. જે અંગેની સ્પષ્ટ પારદર્શક માહિતીની નકલ.

મુદ્દા નં. ૮ તા. ૩૦/૦૭/૨૦૧૩ ના રોજ અરજીપત્રક સાથે ભરવાજોગ રકમની ૫૦ રૂા. અરજીપત્રકની, ૨૫ રૂા. ના અરજીપત્રક અને ૧૦ રૂા. ના અરજીપત્રકની કુલ કેટલી આવક થલ જેની માહિતીની નકલ વિભાજીત કરી આપવી.

મુદ્દા નં. ૯ તા. ૩૦/૦૭/૨૦૧૩ ના રોજ ઓછી આવક જુથના શહેરી જનોએ આવાસ યોજનાની સામે ભરવાજોગ રકમ ભરેલ હશે તેઓને કેટલા સમયમાં આવાસ ફાળવવામાં આવશે જેની માહિતીની નકલ આપવા વિનંતી છે.

મુદ્દા નં. ૧૦ આ યોજનાનો ડ્રો કઈ તારીખે, કયા સ્થળે રાખવામાં આવ્યો હોય જેની માહિતીની નકલ આપવા વિનંતી.

મુદ્દા નં. ૧૧ તા. ૩૦/૦૭/૨૦૧૩ સુધી આવાસ યોજનાના અરજીપત્રક સાથે ભરેલાઓનો નંબર ડ્રો માં નહિ લાગે તેઓને તેઓ જે ભરેલી રકમ વ્યાજ સહિત પરત આપવામાં આવશે ? કે ધરમધક્કા ખવડાવવામાં આવશે જેની માહિતીની નકલ.

જે સંદર્ભેઅરજદારની તા. ૧૬/૦૭/૨૦૧૩ ની (આઈ.ડી.નં. ૮૧૭) અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૯૭૦, તા. ૨૧/૦૮/૨૦૧૩ થી મજકુર અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને તેઓની તા. ૧૬/૦૭/૨૦૧૩ ની અરજીના મુદ્દા નં. ૧ થી ૧૧ બાબતે નીચે મુજબ જવાબ આપવામાં આવેલ છે.

મુદ્દા નં. ૧ ઓછી આવક જુથના લોકો માટે એલ.આઈ.જી. આવાસ યોજના હેઠળ બંધાયેલ આવાસોની સંખ્યા, સ્થળ અને આવાસ યોજના હેઠળ ૫૦ રૂા. ના, ૨૫ રૂા. ના અને ૧૦ રૂા. ના કેટલી સંખ્યામાં અરજી ફોર્મનું વિતરણ કરવામાં આવેલ છે. જેની માહિતીની નકલ આપવા વિનંતી છે.

જવાબ : શહેરી ગરીબો માટે ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના હેઠળ તથા ઓછી આવક જુથના લોકો માટેની એલ.આઈ.જી. આવાસ યોજના હેઠળ તેમજ વાલ્મીકી આંબેડકર વામ્બે યોજના હેઠળ ફલેટ/મકાન મેળવવા અંગેની જાહેરાતની નકલ, બંધાયેલ આવાસોની સંખ્યાનું પત્રક તેમજ ફોર્મ વિગતરણ થયેલ અરજીપત્રકોની સંખ્યા દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

મુદ્દા નં. ૨ દરેક અરજીપત્રક સાથે જ આવાસની ફાળવણી કર્યા વગર જ ૫૦ રૂા. ના અરજીપત્રકના ૧૫૦૦૦ રૂા., ૨૫ રૂા. અરજીપત્રક સાથે રૂા. ૧૦૦૦૦/– અને ૧૦ રૂા. ના અરજીપત્રક સાથે ૫૦૦૦ રૂા. કોના હુકમથી, કયા સ્થાયી સમિતિના ઠરાવથી કે ગુજરાત રાજય સરકારનાં પરિપત્રના આધારે આ ગેરકાયદેસર, છેતરપીંડી અને બનાવટ સુરત શહેરના શહેરીજનો સાથે થતી હોવા અંગેની માહિતીની નકલ આપવા વિનંતી છે.

જવાબ : પેરા–૧ ના મુદ્દામાં જણાવેલ આવાસ યોજના સંદર્ભમાં સ્થા. સ. ઠ. નં. ૬૭૬/૨૦૦૦, તા. ૦૪/૦૫/૨૦૦૦, સ્થા. સ. ઠ. નં. ૪૩૦/૨૦૦૫, તા. ૧૦/૦૩/૨૦૦૫ તથા સ્થા. સ. ઠ. નં. ૪૯૩/૨૦૦૫, તા. ૧૭/૦૩/૨૦૦૫ થી મંજુર થયેલ ગાઈડલાઈન મુજબ અરજીપત્રક સાથે નિયત ડીપોઝીટ જમા કરાવવાની રહે છે. સદર ઠરાવની નકલો આ સાથે સામેલ કરેલ છે.

મુદ્દા નં. ૩ જેટલા આવાસ યોજના હેઠળના અરજીપત્રકનું વિતરણ કરેલ છે. તેની સામે એટલી સંખ્યામાં આવાસો બંધાયેલ જણાવો છો. જે અંગેની માહિતીની નકલ

જવાબ : પેરા–૧ મુજબ બંધાયેલ આવાસ યોજનાનું પત્રક સામેલ છે.

મુદ્દા નં. ૪ આમ જાહેરાતમાં ઓછી આવક જુથના લોકો માટે એલ.આઈ.જી. આવાસ યોજના જણાવો છો અને બીજી બાજુ આવાસ ફાળવ્યા વગર જ અરજીપત્રક સાથે આવાસના પ્રમાણમાં રોકડ રકમ ભરાવો છો તો આમાં ઓછી આવકવાળા ભરવાની રકમ કેવી રીતે ભેગી કરતા હશે. તેનો શુધ્ધ બુધ્ધિથી વિચાર કરેલ જણાતો નથી. જે અંગેની માહિતી.

જવાબ : સ્થા. સ. ઠ. નં. ૧૧૦/૨૦૧૩, તા. ૧૧/૦૧/૨૦૧૩ ને આધીન જાહેરાત આપી પેરા–૨ માં જણાવેલ મંજુર ગાઈડલાઈન મુજબ અરજીપત્રક સાથે ડિપોઝીટ જમા કરાવવાની રહે છે.

મુદ્દા નં. ૫ સદર આવાસ યોજનામાં જે અરજીપત્રક આવેલ હોય તેનો ડ્રો કરવાથી જેનો નંબર ડ્રો માં લાગે તેની પાસે જ ભરવાજોગ રકમ ભરાવવી જોઈએ તેની જગ્યાએ અરજીપત્રક સાથે રકમ ભરવા પાછળનો સ્પષ્ટ હેતુ શું છે તેની માહિતીની રકમ આપવા વિનંતી છે.

જવાબ : પેરા–૨ માં આવાસ ફાળવવા સંબંધી મંજુર ગાઈડલાઈનની નકલ સામેલ કરેલ છે. જે ધ્યાને લેવા વિનંતી.

મુદ્દા નં. ૬ એલ.આઈ.જી. યોજના પાછળ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલનું આયોજન ઠરાવ નં. ૧૧૦/૨૦૧૩ છે. તેની માહિતીની નકલ આપવા વિનંતી.

જવાબ : સ્થા. સ. ઠ. નં. ૧૧૦/૨૦૧૩ ની નકલ આ સાથે સામેલ છે.

મુદ્દા નં. ૭ સદર આવાસ ફાળવ્યા વગર અરજીપત્રક સાથ જ ભરવાજોગ રકમક બિલ્ડરોપણ કરી ન એવી આ યોજના બનાવેલ હોય જે જાહેર માહિતી અધિકાર આયોગ–ગાંધીનગરમાં બીજી અપીલ અરજીમાં જશે અને અન્ય સરકારી ફોર્મમાં પણ જશે. આ આખી યોજના એક ફોર્ડ આયોજનથી વિશેષ નથી. જે અંગેની સ્પષ્ટ પારદર્શક માહિતીની નકલ.

જવાબ : જાહેરાતની નકલ તથા અરજીપત્રકોની નકલના નમૂના તથા મંજુર ગાઈડલાઈન પેરા–૨ ના જવાબમાં સામેલ કરેલ છે.

મુદ્દા નં. ૮ તા. ૩૦/૦૭/૨૦૧૩ ના રોજ અરજીપત્રક સાથે ભરવાજોગ રકમની ૫૦ રૂા. અરજીપત્રકની, ૨૫ રૂા. ના અરજીપત્રક અને ૧૦ રૂા. ના અરજીપત્રકની કુલ કેટલી આવક થલ જેની માહિતીની નકલ વિભાજીત કરી આપવી.

જવાબ : ઉપરોકત માહિતી સંબંધિત ઝોનને સ્પર્શતી હોય, અત્રે ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૯ તા. ૩૦/૦૭/૨૦૧૩ ના રોજ ઓછી આવક જુથના શહેરી જનોએ આવાસ યોજનાની સામે ભરવાજોગ રકમ ભરેલ હશે તેઓને કેટલા સમયમાં આવાસ ફાળવવામાં આવશે જેની માહિતીની નકલ આપવા વિનંતી છે.

જવાબ : ઉપરોકત માહિતી સંબંધિત ઝોનને સ્પર્શતી હોય, અત્રે ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૧૦ આ યોજનાનો ડ્રો કઈ તારીખે, કયા સ્થળે રાખવામાં આવ્યો હોય જેની માહિતીની નકલ આપવા વિનંતી.

જવાબ : ઉપરોકત માહિતી અત્રે ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૧૧ તા. ૩૦/૦૭/૨૦૧૩ સુધી આવાસ યોજનાના અરજીપત્રક સાથે ભરેલાઓનો નંબર ડ્રો માં નહિ લાગે તેઓને તેઓ જે ભરેલી રકમ વ્યાજ સહિત પરત આપવામાં આવશે ? કે ધરમધકકા ખવડાવવામાં આવશે જેની માહિતીની નકલ.

જવાબ : પેરા–૭ ના જવાબમાં સામેલ અરજીપત્રકની માહિતી પુસ્તિકામાં સામેલ મંજુર ગાઈડલાઈનમાં આ બાબતનો ઉલ્લેખ છે.

વધુમાં મુદ્દા નં. ૮, ૯ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ તેઓના પત્ર ક્રમાંક એસયુસી/આઉટ/નં. ૯૭૦, તા. ૨૧/૦૮/૨૦૧૩ થી સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (રાંદેર ઝોન) ને તબદીલ કરવામાં આવેલ હતી.

મજકુર અરજદારની તા. ૧૧/૧૦/૨૦૧૩ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૨/૨૦૧૩-૧૪ અંગે સ્લમ અપગ્રેડેશન વિભાગનાં એસયુસી/આઉટ નં. ૯૭૦, તા. ૨૧/૦૮/૨૦૧૩ થી અપીલ તબકકે પુરી પાડવામાં આવેલ માહિતીના સંદર્ભમાં અસંતોષ હોય કે તેઓનાં પ્રશ્નો અંગે રજુઆત કરવા માંગતા હોય તો તા. ૨૪/૧૦/૨૦૧૩ નાં રોજ ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગે શ્રી નરેશભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ નં. ૧૩૩૦, તા. ૧૮/૧૦/૨૦૧૩ થી પાઠવવામાં આવેલ જેના સંદર્ભમાં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તા. ૨૪/૧૦/૨૦૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે હાજર રહેલ ન હતાં. આથી અરજદારને ફરીવાર અત્રેની કચેરી પત્ર ક્રમાંક એસયુસી/આઉટ/નં. ૧૪૨૬, તા. ૦૨/૧૧/૨૦૧૩ હેઠળ વધુ એક તક આપવામાં આવેલ પરંતુ તા. ૧૪/૧૧/૨૦૧૩ ની મહોરમની રજાના રોજ મહાનગરપાલિકાની તમામ કચેરી ચાલુ રાખી તા. ૧૫/૧૧/૨૦૧૩ ના રોજ રજા જાહેર કરવામા આવેલ હોય પત્ર ક્રમાંક એસયુસી/આઉટ/નં. ૧૪૪૯, તા. ૧૩/૧૧/૨૦૧૩ થી મજકુર અરજદારને તા. ૨૧/૧૧/૨૦૧૩ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે હાજર રહેવા જાણ કરવામાં આવેલ હતી. પરંતુ તા. ૨૧/૧૧/૨૦૧૩ નાં રોજ મજકુર અરજદાર હાજર રહેલ ન હતાં. મજકુર અરજદારને તા. ૨૪/૧૦/૨૦૧૩ તથા તા. ૨૧/૧૧/૨૦૧૩ નાં રોજ રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવેલ હોય તેઓને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) નાં પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૯૭૦, તા. ૨૧/૦૮/૨૦૧૩ થી પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે કોઈ અસંતોષ નથી. તેવુ ફલીત થાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૬/૦૭/૨૦૧૩ ની (આઈ.ડી.નં. ૮૧૭) અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી તરફથી પુરી પડાયેલ હોય સ્લમ અપગ્રેડેશન વિભાગે અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય તેટલા પૂરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. એસયુસી ૧૫૩૦
તા. ૭/૧૨/૧૩

6/12/13

(એમ. એન. વિસપુતે)
ઈ. ચા. અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા

પ્રતિ : (૧) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ..................... પ્રતિ

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

RIGHT TO INFORMATION

**અરજદાર :** શ્રી કૃપાશંકર મિશ્રા
**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી કૃપાશંકર મિશ્રાની તા. ૧૩/૦૧/૨૦૧૪ ની સ્લમ અપગ્રેડેશન વિભાગ, જુની રાંદેર ઝોન ઓફિસ, રાંદેર રોડ, સુરતનાં કાર્યોનું વિવરણ તથા કોયલી ખાડી ઝુંપડપટ્ટીની બાયોમેટ્રીક સર્વેની સંપૂર્ણ નકલ, ડી ટેનામેન્ટ ઉમરવાડાની નજીક મંદિર મહોલ્લા નામની ઝુપડપટ્ટીનાં બાયોમેટ્રીક સર્વે વિગેરે મુદ્દા નં. ૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ તા. ૧૪/૦૨/૨૦૧૪ નાં એસયુસી / અપીલ નં. / ૦૩ / ૨૦૧૩-૧૪

શ્રી કૃપાશંકર મિશ્રાની તા. ૧૩/૦૧/૨૦૧૪ ની અરજીથી મુદ્દા નં. ૧ સુરત શહેરને ઝુંપડા મુકત બનાવવામાં સ્લમ અપગ્રેડેશન વિભાગ, બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફીસ, તાડવાડીનાં કાર્યોનું વિવરણ આપો. મુદ્દા નં. ૨ કોયલી ખાડી ઝુંપડપટ્ટીના બાયોમેટ્રીક સર્વેની સંપૂર્ણ નકલ આપવી. મુદ્દા નં. ૩ ડી ટેનામેન્ટ ઉમરવાડાની નજીક મંદીર મહોલ્લા નામની ઝુંપડપટ્ટીના બાયોમેટ્રીક સર્વેની સંપૂર્ણ નકલ આપવી. મુદ્દા નં. ૪ ફાળવવામાં આવતા આવાસોનો ડ્રો બનાવતા સમસ્ત અધિકારીઓના નામ, હોદ્દો તથા મોબાઈલ નંબર આપવો. મુદ્દા નં. ૫ વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૩ સુધીમાં ડ્રો તૈયાર કરનાર અધિકારીઓમાં જો કોઈની બદલી થયેલ હોય તો બદલીનું કારણ તથા બદલી થયેલ અધિકારીનું નામ આપો. મુદ્દા નં. ૬ મંદીર મહોલ્લા અને કોયલી ખાડી ઝુંપડપટ્ટીના નિવાસીઓની એપેલેટ કમીટીમાં કરેલ અનિર્ણીત અરજીઓની સંપૂર્ણ વિગત આપો તથા એપેલેટ કમીટીના સમસ્ત અધિકારીઓના નામ, હોદ્દો, સરનામા તથા મોબાઈલ નંબર આપી સન ૨૦૦૭ થી ૨૦૧૩ સુધી જો કોઈ અધિકારીની બદલી થયેલ હોય તો તેનું કારણ આપી તે અધિકારીની વર્તમાન ઓફીસનું સરનામુ તથા સંપર્ક નંબર આપો. મુદ્દા નં. ૭ જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન વિભાગમાંથી માંગવામાં આવેલ માહિતી સ્લમ અપગ્રેડેશન વિભાગના કાર્યક્ષેત્રમાં ન આવતી હોય તો પ્રથમ, બીજા, ત્રીજા પક્ષકારો પાસે માહિતી પ્રાપ્ત કરી નિયમાનુસાર માહિતી ઉપલબ્ધ કરાવવી અને ન ઉપલબ્ધ થાય તો તેના કારણો જણાવવા. મુદ્દા નં. ૮ અલગ અલગ વિસ્તારોમાં બનાવેલા આવાસોની કોને કયા વિસ્તારમાં જરૂરીયાત છે તે નિર્ણય કોના હાથમાં છે ? નિયમ શું છે ? અધિકારી પોતાની મરજી થી વિસ્તાર પસંદ કરી આવાસ ફાળવણી કરે છે કે લોકોની સંમતી થી કરે છે ?

મજકુર અરજદારે તા. ૧૩/૦૧/૨૦૧૪ નાં રોજ અરજીથી સ્લમ અપગ્રેડેશન વિભાગ પાસેથી માંગેલ અને સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી આપવામાં આવેલ માહિતી સાચી નથી અને તેઓને માન્ય ન હોય એપેલેટ ઓફિસરને તા. ૧૩/૦૩/૨૦૧૪ થી અપીલ કરેલ છે.

અરજદારની તા. ૧૩/૦૧/૨૦૧૪ ની (આઈ.ડી.નં. ૧૦૯૨, તા. ૧૩/૦૧/૨૦૧૪) અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૨૨૯૩, તા. ૦૭/૦૨/૨૦૧૪ થી નીચે મુજબ માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

મુદ્દા નં. ૧ સુરત શહેરને ઝુંપડા મુકત બનાવવામાં સ્લમ અપગ્રેડેશન વિભાગ, બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફીસ, તાડવાડીનાં કાર્યોનું વિવરણ આપો.

જબાબ : સ્લમ અપગ્રેડેશન વિભાગ, સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વસતા શહેરી ગરીબોને સરકારશ્રીની વિવિધ આવાસ યોજના અંતર્ગત મળવાપાત્ર ગ્રાન્ટ, સબસીડીનો લાભ મેળવી શહેરી ગરીબોને પોતાનું ઘર મળી રહે તે માટે આવાસોના નિર્માણ તથા પાત્ર લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવા અંગેની સંલગ્ન તમામ કાર્યવાહી કરે છે.

સ્લમ અપગ્રેડેશન વિભાગની વધુ માહિતી આપ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પરથી મેળવી શકો છો.

મુદ્દા નં. ૨ કોયલી ખાડી ઝુંપડપટ્ટીના બાયોમેટ્રીક સર્વેની સંપૂર્ણ નકલ આપવી.

જવાબ : કોયલી ખાડી ઝુંપડપટ્ટીના બાયોમેટ્રીક સર્વેની નકલનાં કુલ ૩૮૬ પાના થવા જાય છે. પાના દીઠ રૂા. ૨/– ગણતા કુલ રૂા. ૭૭૨/– સુરત મહાનગરપાલિકાના કાઈપણ નાગરીક સુવિધા કેન્દ્રમાં ભરપાઈ કરી તેની અસલ રસીદ રજુ કર્યે નકલો પુરી પાડવામાં આવશે.

મુદ્દા નં. ૩ D ટેનામેન્ટ ઉમરવાડાની નજીક મંદીર મહોલ્લા નામની ઝુંપડપટ્ટીના બાયોમેટ્રીક સર્વેની સંપૂર્ણ નકલ આપવી.

જવાબ : અત્રેના સ્લમ અપગ્રેડેશન વિભાગના રેકર્ડ મુજબ D ટેનામેન્ટ ઉમરવાડાની નજીક મંદીર મહોલ્લા નામની કોઈજ ઝુંપડપટ્ટીના બાયોમેટ્રીક સર્વેની માહિતી ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૪ ફાળવવામાં આવતા આવાસોનો ડ્રો બનાવતા સમસ્ત અધિકારીઓના નામ, હોદ્દો તથા મોબાઈલ નંબર આપવો.

જવાબ : ફાળવવામાં આવતા આવાસોના ડ્રો માટેની માન્ય યાદી તૈયાર કરનાર અધિકારીઓના નામ, હોદ્દો તથા મોબાઈલ નંબરની માહિતી સબંધિત ઝોનને સ્પર્શતી હોય અત્રેના સ્લમ અપગ્રેડેશન વિભાગમાં ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૫ સાલ ૨૦૦૭ થી ૨૦૧૩ સુધીમાં ડ્રો તૈયાર કરનાર અધિકારીઓમાં જો કોઈનો હસ્તક્ષેપ થયો તો હસ્તક્ષેપનું કારણ તથા હસ્તક્ષેપ કરનાર અધિકારીનું નામ આપો.

જવાબ : ઉપરોકત માહિતી સબંધિત ઝોનને સ્પર્શતી હોય અત્રેના સ્લમ અપગ્રેડેશન વિભાગમાં ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૬ મંદીર મહોલ્લા અને કોયલી ખાડી ઝુંપડપટ્ટીના નિવાસીઓની એપેલેટ કમીટીમાં કરેલ અનિર્ણીત અરજીઓની સંપૂર્ણ વિગત આપો તથા એપેલેટ કમીટીના સમસ્ત અધિકારીઓના નામ, સરનામા તથા મોબાઈલ નંબર આપી સન ૨૦૦૭ થી ૨૦૧૩ સુધી જો કોઈ અધિકારીનો હસ્તક્ષેપ થયો હોય તો તેનું કારણ આપી તે અધિકારીની વર્તમાન ઓફીસનું સરનામુ તથા સંપર્ક નંબર આપો.

જવાબ : ઉપરોકત માહિતી સબંધિત ઝોનને સ્પર્શતી હોય અત્રેના સ્લમ અપગ્રેડેશન વિભાગમાં ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૮ અલગ અલગ વિસ્તારોમાં બનાવેલા આવાસોની કોને કયા વિસ્તારમાં જરૂરીયાત છે તે નિર્ણય કોના હાથમાં છે ? નિયમ શું છે ? અધિકારી પોતાની મરજી થી વિસ્તાર પસંદ કરી આવાસ ફાળવણી કરે છે કે લોકોની સંમતી થી કરે છે ?

જવાબ : ઉપરોકત માહિતી સબંધિત ઝોનને સ્પર્શતી હોય અત્રેના સ્લમ અપગ્રેડેશન વિભાગમાં ઉપલબ્ધ નથી.

મજકુર અરજદારની તા. ૧૩/૦૩/૨૦૧૪ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૩/૨૦૧૩–૧૪ અંગે સ્લમ અપગ્રેડેશન વિભાગનાં એસયુસી/આઉટ/૨૨૯૩, તા. ૦૭/૦૨/૨૦૧૪ પુરી પાડવામાં આવેલ માહિતીનાં સંદર્ભમાં અસંતોષ હોય કે તેઓનાં પ્રશ્ને કોઈ રજુઆત કરવા માંગતા હોય તો તે તા. ૦૬/૦૩/૨૦૧૪ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા શ્રી કૃપાશંકર મિશ્રા અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગને) અત્રેનાં પત્ર નં. એસયુસી/આઉટ/૨૪૧૦, તા. ૧૮/૦૨/૨૦૧૪ થી પત્ર પાઠવવામાં આવેલ. જે અન્વયે તા. ૦૬/૦૩/૨૦૧૪ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે શ્રી કૃપાશંકર મિશ્રા અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)

એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) ઓફિસમાં રૂબરૂ હાજર રહેલ હતાં. સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ.

મુદ્દા નં. ૧ અન્વયે સ્લમ અપગ્રેડેશન વિભાગ સુરત મહાનગરપાલિકા વિસ્તારમા વસતા શહેરી ગરીબોને સરકારશ્રીની વિવિધ આવાસ યોજના અંતર્ગત મળવાપાત્ર ગ્રાન્ટ, સબસીડીનો લાભ મેળવી શહેરી ગરીબોને પોતાનું ઘર મળી રહે તે માટે આવાસોના નિર્માણ તથા પાત્ર લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવા અંગેની સંલગ્ન તમામ કાર્યવાહી કરે છે. સ્લમ અપગ્રેડેશન વિભાગાની વધુ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપર ઉપલબ્ધ હોય તે મુજબ અરજદાર મજકુરને સમજ આપવામાં આવેલ. જે અન્વયે અરજદાર મજકુર વેબસાઈટથી પરિચિત નથી તે મુજબની રજૂઆત કરેલ. આ સંજોગોમાં સ્લમ અપગ્રેડેશન વિભાગની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ થયેલ પ્રોએકટીવ ડીસ્કલોઝરની માહિતીની હાર્ડકોપીઓ નિયમાનુસાર ફી વસુલ લઈ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ પૂરી પાડવાની રહે છે.

મુદ્દા નં. ૨ અન્વયે કોયલીખાડી ઝુંપડપટ્ટીના બાયોમેટ્રીક સર્વેની નકલના ૩૮૬ પાના રૂા. ૭૭૨/– સુરત મહાનગરપાલિકાના નાગરિક સુવિધા કેન્દ્રમાં ભરપાઈ કરી મેળવી લેવા અરજદાર મજકુરને સમજ આપવામાં આવી જે બાબતમાં અરજદાર મજકુરે કોયલીખાડી ઝુંપડપટ્ટીના બાયોમેટ્રીક સર્વેની નકલ મેળવવા અનિચ્છા દર્શાવેલ છે.

મુદ્દા નં. ૩ અન્વયે ડી–ટેનામેન્ટ ઉમરવાડાની નજીક મંદિર મહોલ્લા નામની ઝુંપડપટ્ટીનાં બાયોમેટ્રીક સર્વે થયેલ ન હોય, બાયોમેટ્રીક સર્વેની માહિતી સ્લમ અપગ્રેડેશન વિભાગમાં ઉપલબ્ધ નથી. તે મુજબ અરજદાર મજકુરને જણાવવામાં આવેલ. તેમ છતાં મંદિર મહોલ્લા ઝુંપડપટ્ટીના સ્પોટ સર્વેની માહિતીની જરૂરિયાત હોય તો તે લિંબાયત ઝોનમાંથી મળી શકે તેમ હોય, અરજદાર મેળવવા અંગે સ્વતંત્ર છે.

મુદ્દા નં. ૪ અન્વયે ફાળવવામાં આવતા આવાસોના ડ્રો બનાવાતા સમસ્ત અધિકારીઓના નામ, હોદ્દો તથા મોબાઈલ નંબરની માહિતી તમામ ઝોનની જરૂરિયાત છે તે બાબતે અરજદારને પૂછવામાં આવેલ. આ બાબતે અરજદાર મજકુરે આ માહિતી લિંબાયત ઝોન પૂરતી જ આપવા જણાવેલ. આ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ અરજદાર મજકુરને પૂરી પાડેલ ન હોય લિંબાયત ઝોનના માન્ય યાદીના લાભાર્થીઓના આવાસ ફાળવવા સંકળાયેલ હાલના ઝોનલ ચીફશ્રી કાર્યપાલક ઈજનેરશ્રી તથા ડે. ઈજનેરશ્રી આસી./જુની. ઈજનેરશ્રીના નામ, હોદ્દા, મોબાઈલ નંબર સાથેની માહિતી જા. મા. અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ અરજદાર મજકુરને વિનામૂલ્યે પૂરી પાડવાની રહે છે.

મુદ્દા નં. ૫ અન્વયે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૩ સુધીમાં ડ્રો તૈયાર કરનાર અધિકારીઓમાં જો કોઈની બદલી થયેલ હોય તો બદલીનુ કારણ તથા બદલી થયેલ અધિકારીનું નામ આપવા બાબતની માહિતી અન્વયે અરજદાર મજકુરને તમામ ઝોનની માહિતીની જરૂરીયાત છે ? તે બાબતે પૂછવામાં આવતા તેઓએ ફકત લિંબાયત ઝોન પૂરતી જ માહિતી આપવા રજુઆત કરેલ. જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ માંગેલ માહિતીમાં હસ્તાંતરણ (બદલી) ને બદલે હસ્તક્ષેપનો શબ્દ પ્રયોગ કરીસ માહિતી સ્લમ અપગ્રેડેશન વિભાગમાં ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે. ખરેખર વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૩ સુધીમાં ડ્રો તૈયાર કરનાર લિંબાયત ઝોનના ઝોનલ ચીફશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી તથા ડે. ઈજનેરશ્રી ફરજ ઉપર કાર્યરત હતા તેઓના નામ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ પૂરી પાડવાની રહે છે.

મુદ્દા નં. ૬ . અન્વયે મંદિર મહોલ્લા અને કોયલી ખાડી ઝુંપડપટ્ટીના નિવાસીઓની એપેલેટ કમિટિમાં કરેલ અનિર્ણિત અરજીઓની સંપૂર્ણ વિગતોની માહિતી લિંબાયત ઝોનમાંથી મેળવવા અરજદાર મજકુરને સમજ આપવામાં

આવી. જયારે એપેલેટ કમિટિના સમસ્ત અધિકારીઓના નામ, સરનામા તથા મોબાઈલ નંબર આપી સને ૨૦૦૭ થી ૨૦૧૩ સુધી જો કોઈ અધિકારીની બદલી થઈ હોય તો તેનું કારણ આપી તે અધિકારીની વર્તમાન ઓફિસનું સરનામું તથા સંપર્ક નંબરની માહિતી સંદર્ભે અરજદાર મજકુર સાથે ચર્ચા કરતા તેઓએ આ બાબતે કયા સમયગાળા દરમ્યાન એપેલેટ અધિકારી કોંન હતા અને હાલમાં કોન છે? તેની વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૩ સુધીના સમયગાળાનાં એપેલેટ અધિકારીના નામ, હોદ્દા, ઓફિસનું સરનામું સંપર્ક નંબરની માહિતી આપવા રજુઆત કરેલ. સદર માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ અરજદાર મજકુરને પૂરી પાડેલ ન હોય વિના મૂલ્યે પૂરી પાડવાની રહે છે.

મુદ્દા નં. ૭ અન્વયે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન વિભાગમાંથી માંગવામાં આવેલ માહિતી સ્લમ અપગ્રેડેશન વિભાગના કાર્યક્ષેત્રમાં ન આવતી હોય તો પ્રથમ, બીજા, ત્રીજા પક્ષકારો પાસે માહિતી પ્રાપ્ત કરી નિયમાનુસાર માહિતી ઉપલબ્ધ કરાવવી અને ન ઉપલબ્ધ હોય તો તેના કારણો જણાવવા તે બાબતે અરજદાર મજકુરને લિંબાયત ઝોનમાંથી માહિતી મેળવવા સમજ આપવામાં આવેલ છે.

મુદ્દા નં. ૮ અન્વયે અલગ–અલગ વિસ્તારોમાં બનાવેલ આવાસોની કોને કયા વિસ્તારમાં જરૂરિયાત છે તે નિર્ણય કોના હાથમાં છે? નિયમ શું છે? અધિકારી પોતાની અરજીથી વિસ્તાર પસંદ કરી આવાસ ફાળવણી કરે છે કે લોકોની સંમતિથી કરે છે? તે સંદર્ભે અરજદાર મજકુરને સમજ આપવામાં આવેલ છે કે સ્લમ અપગ્રેડેશન વિભાગમાંથી તમામ સુવિધા સાથેના ઉપલબ્ધં આવાસોની યાદી ઝોન કચેરીને મોકલી આપવામાં આવે છે. ઝોન કચેરી તરફથી સદર ઉપલબ્ધ આવાસો બાબતે સ્થળાંતરપાત્ર ઝુંપડાવાસીઓ સાથે પરામર્શ કર્યા બાદ આવાસોની પસંદગી કરવામાં આવે છે. સદર માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ અરજદાર મજકુરને પૂરી પાડેલ ન હોય, આ બાબતની વિસ્તૃત માહિતી વિનામૂલ્યે અરજદારને પૂરી પાડવાની રહે છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૩/૦૧/૨૦૧૪ ની અરજીથી મુદ્દા નં. ૧ બાબતે સ્લમ અપગ્રેડેશન વિભાગની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ થયેલ પ્રોએકટીવ ડિસ્કલોઝરની માહિતીની પ્રમાણિત નકલ નિયમોનુસાર ફી વસુલ લઈ તથા મુદ્દા નં. ૪, ૫, ૬, ૭ તથા ૮ ની નહી પુરી પડાયેલ માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં નીચે સહી કરનારની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને જણાવવામાં આવે છે. તેમજ ભવિષ્યમાં ઉપલબ્ધ દફતરી વિગતોને ધ્યાને લઈ અરજદારને એકી સાથે તમામ માહિતી સમયમર્યાદામાં પૂરી પાડવા તાકીદ કરવામાં આવે છે. અરજદાર તેઓની તા. ૧૩/૦૧/૨૦૧૪ ની અરજી અન્વયે લિંબાયત ઝોનમાંથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

૪૯
મુદ્દા
જવાબ
અપગ્રે.
હોય કે
સુનાવણી
અત્રેનાં ૧
નાં રોજ ર

29/03/14

(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરતમહાનગરપાલિકા

નં. એસયુસી/
તા.

ન. સ. રવાના : (૧) શ્રી કૃપાશંકર મિશ્રા પ્રતિ, .......... જાણ સારૂ.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) પ્રતિ, .... જાણ તથા અમલ સારૂ.

D/S.C/RTI,

SUC/OUT No. 3023
31/3/14

D/S.C/RTI/APIL-1.

D:192.168.1.

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૧/૨૦૧૩-૧૪
તા. ૧૯.૦૬.૨૦૧૩
ફોન નં. – ૯૭૨૪૩૪૫૨૧૬

અરજદાર : શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

ફરીયાદ હકીકત :

વિષય : આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૦૬.૦૫.૨૦૧૩ ની અરજીથી ટી.પી. ૪૭, ફા.પ્લોટ નં. આર–૬ ના લાભાર્થી તથા ભીમનગરના વસાહતીઓને ફાળવેલ મકાન સંબંધિત માહિતી આપવી વગેરે મુદ્દા નં. ૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ તા. ૧૯.૦૬.૨૦૧૩ ના એસયુસી/અપીલ/૧/૨૦૧૩–૧૪

શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૦૬.૦૫.૨૦૧૩ ની અરજીથી નીચે મુજબ માહિતી માંગેલ.

મુદ્દા નં. ૧ ટી.પી. ૪૭, ફા.પ્લોટ નં. આર–૬ ના લાભાર્થીઓને ભેસ્તાન ગોલ્ડન ફ્લેટની બાજુમાં ફાળવાયેલ મકાનના લાભાર્થીઓની યાદી આપવી.

મુદ્દા નં. ૨ ભીમનગરના વસાહતીઓને વડોદ તથા ભેસ્તાનમાં કાચલાઉ ધોરણે મકાન ફાળવેલ હોય, તે તમામ લાભાર્થીઓની યાદી આપવી.

મજકુર અરજદારે તા. ૦૬.૦૫.૨૦૧૩ ના રોજની અરજીથી સ્લમ અપગ્રેડેશન વિભાગ પાસેથી માંગેલ અને સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી આપવામાં આવેલ માહિતી તેઓને માન્ય ન હોય, એપેલેટ ઓફીસરશ્રીને તા. ૧૯.૦૬.૨૦૧૩ થી અપીલ કરેલ.

અરજદારશ્રીની તા. ૦૬.૦૫.૨૦૧૩ ની (આઈ.ડી. નં. ૯૫/૬૦૦/૩૧૫૮) અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ નં. ૩૮૧, તા. ૦૩.૦૬.૨૦૧૩ થી નીચે મુજબ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે..

મુદ્દા નં. ૧ ટી.પી. ૪૭, ફા.પ્લોટ નં. આર–૬ ના લાભાર્થીઓને ભેસ્તાન ગોલ્ડન ફ્લેટની બાજુમાં ફાળવાયેલ મકાનના લાભાર્થીઓની યાદી આપવી.

જવાબ આપના ધ્વારા માંગવામાં આવેલ માહિતીના કુલ પાના નં. ૨૦ થવા જાય છે. પાના દીઠ રૂા. ૨/– ગણતા રૂા. ૪૦/– સુરત મહાનગરપાલિકાના કોઈપણ નાગરીક સુવિધા કેન્દ્રમાં ભરપાઈ કર્યાની અસલ રસીદ અત્રે રજુ કર્યેથી આપી શકાશે.

મુદ્દા નં. ૨ ભીમનગરના વસાહતીઓને વડોદ તથા ભેસ્તાનમાં કામચલાઉ ધોરણે મકાન ફાળવેલ હોય, તે તમામ લાભાર્થીઓની યાદી આપવી.

જવાબ આપના ધ્વારા માંગવામાં આવેલ માહિતીના કુલ પાના – ૭૭ થવા થવા જાય છે. પાના દીઠ રૂા. ૨/– ગણતા રૂા. ૧૫૪/– સુરત મહાનગરપાલિકાના કોઈપણ નાગરીક સુવિધા કેન્દ્રમાં ભરપાઈ કર્યાની અસલ રસીદ અત્રે રજુ કર્યેથી આપી શકાશે.

જાહેર માહિતી અધિકારીશ્રીના પત્ર નં. એસયુસી/આઉટ/૩૮૧, તા. ૦૩.૦૬.૨૦૧૩ અન્વયે મજકુર અરજદારે રસીદ નં. ૨૦૦/૪૮, તા. ૦૬.૦૬.૨૦૧૩ થી રૂા. ૧૯૪/– ભરપાઈ કરેલ હોય, જાહેર માહિતી અધિકારીશ્રીના પત્ર નં. એસયુસી/આઉટ/૪૧૧, તા. ૧૨.૦૬.૨૦૧૩ થી માંગેલ પુરાવાના કુલ ૯૭ પાના પુરા પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

મજકુર અરજદારની તા. ૧૯.૦૬.૨૦૧૩ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૧/૨૦૧૩–૧૪ અંગે સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર નં. એસયુસી/આઉટ/૩૮૧, તા. ૦૩.૦૬.૨૦૧૩ તથા એસયુસી/આઉટ/નં. ૪૧૧, તા. ૧૨.૦૬.૨૦૧૩ થી પુરી પાડવામાં આવેલ માહિતીના સંદર્ભમાં અસંતોષ હોય કે તેઓના પ્રશ્ને કોઈ રજુઆત કરવા માંગતા હોય તો તા. ૦૪.૦૭.૨૦૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને અત્રેના પત્ર નં. એસયુસી/આઉટ/ ૫૨૮, તા. ૨૭.૦૬.૨૦૧૩ થી પત્ર પાઠવવામાં આવેલ હતો. જે અન્વયે તા. ૦૪.૦૭.૨૦૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ ઓફીસમાં રૂબરૂ હાજર રહેલ નહી. ત્યારબાદ અરજદારને વધુ એક તક આપવાના ઈરાદાથી મજકુર અરજદારને તથા ડે. ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રીને તા. ૨૫.૦૭.૨૦૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેના પત્ર નં. એસયુસી/આઉટ/૭૩૩, તા. ૧૬.૦૭.૨૦૧૩ થી પત્ર પાઠવવામાં આવેલ. જે અન્વયે તા. ૨૫.૦૭.૨૦૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે મજકુર અરજદારના પ્રતિનીધિ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા ડે. ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) રૂબરૂ હાજર રહેલ. રૂબરૂ સુનાવણી દરમ્યાન મજકુર અરજદારે તેઓની તા. ૦૬.૦૫.૨૦૧૩ ની અરજીના મુદ્દા નં. ૧ બાબતે અધુરી માહિતી પુરી પાડેલ છે. તે બાબતે સંપૂર્ણ માહિતી વિનામુલ્યે પુરી પાડવા રજુઆત કરેલ છે. આ સંદર્ભમાં મજકુર અરજદારને ટી.પી. સ્કીમ નં. ૪૭ ના ફા.પ્લોટ નં. આર–૬ ના વસાહતીઓને ફાળવાયેલ મકાનોના લાભાર્થીઓની યાદીમાં કુલ ૧૪૦ પાના વિના મુલ્યે પુરા પાડવાના રહે છે. વધુમાં મજકુર અરજદારને તા. ૦૬.૦૫.૨૦૧૩ ની ડીપાર્ટમેન્ટને મળેલ અરજી ગેરવલ્લે થયેલ છે. આ બાબતે ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ ભવિષ્યમાં પુરતી તકેદારી રાખવાની આથી તાકીદ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની અપીલ અરજી અન્વયે અરજદારને તેઓની તા. ૦૬.૦૫.૨૦૧૩ ની અરજીના મુદ્દા નં. ૧ બાબતે અધુરી માહિતી પુરી પાડેલ છે. તેના પુરાવાના કુલ – ૧૪૦ પાના નીચે સહી કરનારની જાણ હેઠળ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીએ (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તેઓના સ્વખર્ચે અરજદારને પુરા પાડવા હુકમ કરવામાં આવે છે. તા. ૦૬.૦૫.૨૦૧૩ ની મજકુર અરજદારની ખાતાને મળેલ મૂળ અરજી ગેરવલ્લે થયેલ છે. તે બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીએ ભવિષ્યમાં પુરતી તકેદારી રાખવાની તાકીદ કરવામાં આવે છે.

૨૭/૮/૧૩
(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા

SUC/OUT/No. ૧૦૧૫
૨૭/૮/૧૩

પ્રતિ : (૧) શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ..........પ્રતિ
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ......જાણ તથા અમલ સારૂ

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૭/૨૦૧૨–૧૩,
તા. ૨૭.૧૧.૨૦૧૨
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૩૦.૧૦.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ પ્રેમગલી શાહપોર જે. જે. ઈંગ્લીશ સ્કુલની જમીન જે SMC ને સુપ્રત કરવામાં આવેલ જેમાં જે ૨૨ ભાડાની મિલ્કતમાં રહેતા હોય તેને જ રેશનીંગ અને વોટીંગ કાર્ડના આધારે SMCએ કવાર્ટર, પાલના યા જહાંગીરાબાદના ફાળવ્યા જે અંગેની માહિતી વિગેરે મુદ્દા નં. ૧ ની ૫ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : (૧) અરજદાર મજકુરની તા. ૨૭.૧૧.૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૭/૨૦૧૨–૧૩

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૩૦.૧૦.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) પ્રેમગલી શાહપોર, જે. જે. ઈંગ્લીશ સ્કૂલની જમીન જે સુપ્રત કરવામાં આવેલ છે. જે ૨૨ કુટુંબની મિલ્કતમાં રહેતા હોય તેને જ રાશનીંગ અને વોટીંગ કાર્ડનાં આધારે SWD કવાર્ટર પાલનાં યા જહાંગીરાબાદનાં ફાળવવા અંગેની માહિતી. (૨) રાશનીંગ અને વોટીંગ કાર્ડ પ્રેમગલી–શાહપોર, જે.જે.ઈંગ્લીશ સ્કૂલની જમીન અંગેના ઘરનો પુરાવો બોલતો ન હોય તેઓને S.M.C. સ્લમ અપગ્રેડેશન SWD કવાર્ટર ફાળવવા નહિ અને જે તે SWD કવાર્ટર ફાળવવા આવેલ હોય અને તેના લીસ્ટની માહિતી–યાદીની માહિતી. (૩) રાશનીંગ અને વોટીંગ કાર્ડના અન્ય સરનામાનાં હોય અને તેઓને SWD કવાર્ટર ફાળવવામાં આવેલ હોય અને જેને ફાળવવાનાં હોય તેના લીસ્ટની માહિતીની સ્પષ્ટતા. (૪) આવા રાશનીંગ અને વોટીંગ કાર્ડ અન્ય સરનામાનો હોય અને SWD કવાર્ટર ફાળવીને અન્ય જે હકદાર ઘરનાં હોય તેવાઓની સાથે અન્યાય ન થાય જે અંગેની માહિતી. (૫) બાપુનગર, નાસીરનગર, ગોપીતળાવ, સ્મીમેર હોસ્પિટલની સામેની ઝુંપડપટ્ટીમાં જે રીતે SWD કવાર્ટર ફાળવેલ છે. તે જ પ્રમાણે ફાળવવા અંગેની માહિતી. ભારતીય બંધારણ આર્ટીકલ ૧૪ અને ૧૬ મુજબની માહિતીના મુદ્દા નં. ૧ થી ૫ અંગેની માહિતીમાં ચાર કુટુંબના પોતાની માલિકીના મકાનો હોવા છતાં અને SMC નું મકાન નિર્મલ નગરમાં હોવા છતાં પ્રેમગલી–શાહપોરમાં પોતાના કુટુંબનું નામ અને ભાઈઓ તેમજ ભત્રીજાનું નામ દાખલ કરેલ છે જે અંગેની ફોજદારી ફરિયાદ દાખલ કરવા અંગેની માહિતીની નકલો ન મળવાથી એપેલેટ ઓફિસરને તા. ૨૭/૧૧/૨૦૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા. ૩૦/૧૦/૨૦૧૨ ની અરજીથી સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર ક્રમાંક : એસયુસી/આઉટ નં. ૨૦૧૦, તા. ૧૭.૧૧.૨૦૧૨ માં માંગેલ માહિતી પ્રમાણે મુદ્દા નં. (૧) ની માહિતીમાં પ્રેમગલીના લાભાર્થીઓનો વસવાટના સ્થાયી પુરાવાઓની ચકાસણીમાં ભૂલ થયેલ છે. જેની વીજીલન્સ તપાસ અત્યંત જરૂરી છે. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૨૦૧૦, તા. ૧૭/૧૧/૨૦૧૨ ના રોજ માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. મુદ્દા નં. ૧ પ્રેમગલી શાહપોર જે. જે. ઈંગ્લીશ સ્કુલની જમીન જે SMC ને સુપ્રત કરવામાં આવેલ જેમાં જે ૨૨ ભાડાની મિલ્કતમાં રહેતા હોય તેને જ રેશનીંગ અને વોટીંગ કાર્ડના આધારે SMC એ કવાર્ટર પાલના યા જહાંગીરાબાદના ફાળવ્યા જે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેરમાહિતી અધિકારી અને ડે. ઈજનેર(સ્લમ)તરફથી સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ પ્રાયોરીટીના ધોરણે સ્થળાંતર પાત્ર પ્રેમગલી ઝુંપડપટ્ટીના લાભાર્થીઓના વસવાટના સ્થાયી પુરાવાઓની ચકાસણી સ્થાયી સ. ઠ. નં. ૧૮૩૮/૨૦૦૭, તા. ૨૮/૧૨/૨૦૦૭ તથા સ્થા. સ. ઠ. નં. ૮૧૪/૨૦૦૯, તા. ૦૨/૦૭/૨૦૦૯ થી મંજુર થયેલ ગાઈડલાઈન મુજબ કરી તૈયાર કરેલ માન્ય યાદી સેન્ટ્રલ ઝોન ધ્વારા સ્લમ

અપગ્રેડેશન વિભાગમાં ડ્રો અર્થે મોકલવામાં આવેલ. સદર માન્ય યાદીના ૧૦ લાભાર્થીઓને ટી.પી.૧૦(પાલ), ફા. પ્લોટ નં. ૧૯૩ પૈકી ખાતેના આવાસો ફાળવવા સક્ષમ સત્તાધીશની મંજુરી મેળવી તા. ૦૩/૧૦/૨૦૧૨ નાં રોજ ડ્રો કરી ટી.પી.૧૦(પાલ), ફા. પ્લોટ નં. ૧૯૩ પૈકી ખાતે આવાસો ફાળવવામાં આવેલ. જેના રજીસ્ટરની નકલના કુલ – ૦૨ પાના થવા જાય છે. જે આ સાથે સામેલ કરેલ છે. મુદ્દા નં. ૨ રેશનીંગ અને વોટીંગ કાર્ડ પ્રેમગલી શાહપોર જે. જે. ઈંગ્લીશ સ્કૂલની જમીન અત્રેના ઘરનો બોલતો ન હોય તેવાઓને SMC સ્લમ અપગ્રેડેશનએ SMC કવાર્ટર ફાળવવા નહિ અને જેને SMC કવાર્ટર ફાળવવામાં આવેલ હોય અને જેને ફાળવવાના હોય તેના લિસ્ટની માહિતી યાદીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેરમાહિતી અધિકારી અને ડે. ઈજનેર(સ્લમ)તરફથી પ્રાયોરીટીના ધોરણે સ્થળાંતર પાત્ર પ્રેમગલી ઝુંપડપટ્ટીના લાભાર્થીઓના વસવાટનાં સ્થાયી પુરાવાઓની ચકાસણી સ્થાયી સ. ઠ. નં. ૧૮૩૮/૨૦૦૭, તા. ૨૮/૧૨/૨૦૦૭ તથા સ્થા. સ. ઠ. નં. ૮૧૪/૨૦૦૯, તા. ૦૨/૦૭/૨૦૦૯ થી મંજુર થયેલ ગાઈડલાઈન મુજબ કરી તૈયાર કરેલ માન્ય યાદી ઝોન કચેરી મારફત તૈયાર કરવામાં આવતી હોય ફાળવવાના બાકી હોય, તેના લિસ્ટની માહિતી અત્રેના વિભાગમાં ઉપલબ્ધ નથી. પ્રેમગલીના લાભાર્થીઓને ફાળવેલ આવાસની માહિતીનો સમાવેશ મુદ્દા નં. ૧ માં થાય છે. મુદ્દા નં. ૩ રેશનીંગ અને વોટીંગ કાર્ડ અન્ય સરનામાના હોય અને તેઓને SMC કવાર્ટર ફાળવવામાં આવ્યા હોય તેની સ્પષ્ટતા અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેરમાહિતી અધિકારી અને ડે. ઈજનેર(સ્લમ)તરફથી સ્થળાંતરપાત્ર ઝુંપડપટ્ટીના ઝુંપડાવાસીઓના વસવાટના કાયદેસરના સ્થાયી પુરાવાઓની ચકાસણી સ્થાયી સ. ઠ. નં. ૧૮૩૮/૨૦૦૭, તા. ૨૮/૧૨/૨૦૦૭ તથા સ્થા. સ. ઠ. નં. ૮૧૪/૨૦૦૯, તા. ૦૨/૦૭/૨૦૦૯ ને આધીન ઝોન કચેરી તરફથી કરવામાં આવતા હોય ઉકત માહિતી અત્રે ઉપલબ્ધ નથી. મુદ્દા નં. ૪ આવા રેશનીંગ અને વોટીંગ કાર્ડ અન્ય સરનામા હોય અને SMC કવાર્ટર ફાળવીને અન્ય જે હકદાર ઘરના હોય તેવાઓની સાથે અન્યાય ન થાય જે અંગેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેરમાહિતી અધિકારી અને ડે. ઈજનેર(સ્લમ)તરફથી ઉપરોકત માહિતીનો સમાવેશ મુદ્દા નં. ૩ માં થતો હોય સદર માહિતી અત્રે ઉપલબ્ધ નથી. મુદ્દા નં. ૫ બાપુનગર, નાસીરનગર, ગોપીતળાવ સ્મીમેર હોસ્પિટલની સામેની ઝુંપડપટ્ટીમાં જે રીતે SMC કવાર્ટર ફાળવેલ તે જ પ્રમાણે ફાળવણીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેરમાહિતી અધિકારી અને ડે. ઈજનેર(સ્લમ)તરફથી મહાનગરપાલિકા વિસ્તારની ઝુંપડપટ્ટીઓ પૈકી સ્થળાંતર કરવાપાત્ર ઝુંપડપટ્ટીઓના ઝુંપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા પેટે ફાળવવા જોગ JnNURM-BSUP અંતર્ગત તૈયાર થનાર / થયેલ આવાસોની ફાળવણી કરવા અંગેની ગાઈડલાઈન સુરત મહાનગરપાલિકાની સ્થા. સ. ઠ. નં. ૧૮૩૮/૨૦૦૭, તા. ૨૮/૧૨/૨૦૦૭ તથા સ્થા. સ. ઠ. નં. ૮૧૪/૨૦૦૯, તા. ૦૨/૦૭/૨૦૦૯ થી મંજુર થયેલ છે જેની હાર્ડકોપીની નકલના કુલ ૧૭ પાના થવા જાય છે. જે આ સાથે સામેલ છે.

મજકુર અરજદારની તા. ૨૭/૧૧/૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૭/૨૦૧૨–૧૩ અંગે તા. ૨૭/૧૨/૨૦૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગે શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(SUC)ને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૨૧૨૧, તા. ૦૭/૧૨/૨૦૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ, જેના સંદર્ભમાં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (SUC)ની ઓફિસમાં રૂબરૂ સુનાવણીમાં સમયસર હાજર રહેલ ન હતાં એટલે કે મોડા આવેલ હતાં. આ સંજોગોમાં તેઓને ફરીથી તા. ૧૬/૦૧/૨૦૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગે પત્ર નં. એસયુસી/આઉટ નં. ૨૨૨૨, તા. ૦૨/૦૧/૨૦૧૩ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભમાં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તા. ૧૬/૦૧/૨૦૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક

ઈજનેરશ્રી(SU[illegible]ની કચેરીમાં રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતાં. મજકુર અરજદારને તા. ૨૭/૧૨/૨૦૧૨ તથા તા. ૧૬/૦૧/૨૦૧૩ ના રોજ રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવેલ છે. વધુમાં અરજદારની તા. ૨૭/૧૧/૨૦૧૨ ની અપીલ અરજીમાં જણાવેલ કથિત બેદરકારી/ગેરરીતી અંગેની રજુઆત સંદર્ભે ઘટતું થવા સ્લમ અપગ્રેડેશન વિભાગમાંથી કાર્યપાલક ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન)ને તથા વિજિલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરશ્રીને પત્ર નં. એસયુસી/આઉટ નં. ૨૧૪૩, તા. ૧૮/૧૨/૨૦૧૨ પાઠવવામાં આવેલ છે. જેથી મજકુર અરજદારને પૂરી પાડવામાં આવેલ માહિતી બાબતે કોઈ અસંતોષ નથી તેવું ફલિત થાય છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૩૦/૧૦/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં. ૧ થી ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ નં. ૨૦૧૦, તા. ૧૭/૧૧/૨૦૧૨ થી દફતરી ઉપલબ્ધ હકીકતથી પૂરી પડાયેલ હોય સ્લમ અપગ્રેડેશન વિભાગે અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તેટલા પૂરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આમ છતાં અરજદાર સ્લમ અપગ્રેડેશન વિભાગમાં નિયમાનુસાર કાર્યવાહી હેઠળ રેકર્ડ તપાસણી કરવા અંગે સ્વતંત્ર છે તેમજ અરજદાર તેઓની તા. ૨૭/૧૧/૨૦૧૨ ની અપીલ અરજી અન્વયે ઝોન કચેરી/વીજીલન્સ વિભાગમાંથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(signature) ૦૫/૦૨/13

(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા

નં. એસયુસી / આઉટ / ૨૦૬૮
તા. ૦૫/૦૨/13

પ્રતિ : (૧) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ..................... પ્રતિ
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

D/S.C/RTI/APIL-1.

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૧/૨૦૧૪–૧૫,
તા. ૦૮/૦૫/૨૦૧૪
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

RIGHT TO INFORMATION

**અરજદાર :** શ્રી જીજ્ઞેશ એ. ટોપીવાલા

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી જીજ્ઞેશ એ. ટોપીવાલાની તા. ૨૫/૦૩/૨૦૧૪ ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૪ અન્વયે JnNURM, DPR-VIII રીડેવલપમેન્ટ ઓફ ભીમનગર વસાહતની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા. ૦૭/૦૫/૨૦૧૪ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૧/૨૦૧૪–૧૫

શ્રી જીજ્ઞેશ એ. ટોપીવાલાની તા. ૨૫/૦૩/૨૦૧૪ ની અરજીથી મુદ્દા નં. ૧ ઉપરોકત JnNURM સરકારી સ્કીમ હેઠળ કુલ કેટલા બિલ્ડીગ અને આવાસ મંજુર થયેલ છે અને તે આવાસો ગરીબ પરીવારને કેટલી સમયમર્યાદામાં રહેઠાણ લાયક ઘર મળશે અથવા પઝેશન મળશે. મુદ્દા નં. ૨ ઉપરોકત સ્કીમમાં બાંધકામ સુરત મહાનગરપાલિકાના બાંધકામ D.C.R. પ્રમાણે પ્લાન મંજુર કરેલ છે અથવા તો સરકારશ્રી તરફથી બાંધકામમાં છૂટછાટ આપવામાં આવેલ છે કે કેમ? જો હા તો આ અંતર્ગતના લેખિત ડોકયુમેન્ટની નકલ અથવા રેકોર્ડ ચકાસણી અને નકલ. મુદ્દા નં. ૩ ઉપરોકત સ્કીમ હેઠળનું બાંધકામ રેલ્વે ટ્રેક (સુરત–અમદાવાદ) નજીક છે તો રેલ્વે ઓથોરીટીના નિયમ મુજબ સુરત મહાનગરપાલિકાના બાંધકામ DCR મુજબ રેલ્વે ટ્રેક થી કેટલા મીટરના અંતર પછી, રેલ્વે બ્રાઉન્ડ્રી (ખુંટા) થી કેટલા મીટરના અંતર પછી, રેલ્વે ટ્રેકની સેન્ટર લાઈનથી કેટલા મીટરના અંતર પછી બાંધકાનની મંજુરી લીધેલ છે અથવા બાંધકામ માટે રેલ્વે ઓથોરીટી તરફથી "ના વાંધા" નું પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ? જો મહળેલ હોય તો "ના વાંધાનું પ્રમાણપત્રની નકલ અને જો ના હોય તો સરકારશ્રી તરફથી કોઈ છૂટછાટ આપવામાં આવી છે કે કેમ? તેની દસ્તાવેજી નકલ અથવા રેકર્ડની ચકાસણીની નકલ અને સંકલિત નકશાની વિગત. મુદ્દા નં. ૪ પ્લાન પાસ અથવા બાંધકામનો નકશો / રીપ્લાન વિગેરે.

અરજદારની તા. ૨૫/૦૩/૨૦૧૪ ની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૧૬૧, તા. ૧૬/૦૪/૨૦૧૪ થી નીચે મુજબ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં. ૧ JnNURM-BSUP રીડેવલપમેન્ટ સ્કીમ હેઠળ કુલ ૧૧૭૬ ફલેટ ટાઈપ આવાસોના કુલ ૩૨ ફલેટવાળા–૩૧ બિલ્ડીગ ૨૪ ફલેટવાળુ–૧ બિલ્ડીગ તથા ૧૬ ફલેટવાળા–૧૦ બિલ્ડીગ મળી કુલ–૪૨ બિલ્ડીગનું આયોજન કરવામાં આવેલ છે. સદર આવાસોની કામગીરી હાલ પ્રગતિમાં છે. લાભાર્થીઓને સદર આવાસોનો કબજો અંદાજે ૩૧, ડીસેમ્બર–૨૦૧૪ સુધીમાં આપવામાં આવનાર છે. મુદ્દા નં. ૨ ભીમનગર રીડેવલપમેન્ટ સ્કીમ માટેનો લે–આઉટ પ્લાન કમિશનરશ્રી ધ્વારા તા. ૩૦/૦૪/૨૦૧૩ થી મંજુર કરવામાં આવેલ છે. સદર મંજુર લે–આઉટ નકશાની ફીની રકમ રૂા. ૬૦ ભર્યેથી તેની નકલ મળી શકશે. મુદ્દા નં. ૩ રેલ્વેની હદથી છોડવા જોગ માર્જીન બાબતેના પરિપત્રના કુલ પાના નં. ૨ થવા જાય છે. જેની ઝેરોક્ષ માટે પાના દીઠ રૂા. ૨/– ગણતા રૂા. ૪/– ભર્યેથી પરિપત્રની નકલ આપી શકાશે. સદર પરિપત્ર ધ્યાને લઈ સુરત ખાતેની રેલ્વે ઓફિસની રૂબરૂ મુલાકાત લઈ જરૂરી પરામર્શ કરી રેલ્વે હદથી (મુંબઈથી અમદાવાદ તરફના) ટ્રેકના સેન્ટરથી ૩૧.૬૦ મીટર અંતર છોડવામાં આવેલ છે. જેથી અલગથી ન વાંધા પ્રમાણપત્ર લેવામાં આવેલ નથી. છોડવામાં આવેલ અંતરની વિગત મંજુર નકશામાં પણ દર્શાવવામાં આવેલ છે. મુદ્દા નં. ૪ સદર કામે પ્લોટમાં બિલ્ડીગ લે–આઉટનો મંજુર નકશાની મુદ્દા નં. ૨ મુજબ કોપી રૂા. ૬૦ સુરત મહાનગરપાલિકા કોઈ પણ નાગરિક સુવિધા કેન્દ્રમાં ભરપાઈ કર્યેથી આપી શકાશે.

મજકૂર અરજદારે તા. ૧૬/૦૪/૨૦૧૪ ના રોજ નિયત નાણાં રસીદ નં. ૨૦૦/૮૫ તથા ૨૦૦/૬૫, તા. ૧૬/૦૪/૨૦૧૪ નાણાં ભરી ઉપરોક્ત જાહેર માહિતી અધિકારીની કચેરીએથી માહિતી મેળવેલ અને માહિતીનાં મુદ્દા નં. ૨ હેઠળ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૧,૨૦૧૪–૧૫ અંગે તા. ૦૩/૦૫/૨૦૧૪ ના રોજ સાંજે ૪/– કલાકે રૂબરૂ સુનાવણી રાખેલ શ્રી જીજ્ઞેશ ટોપીવાલા અને જાહેર માહિતી અધિકારીને (ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) ની ઓફિસમાં રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ હતાં. મુદ્દા નં.૩ બાબતે જે નારાજગી દર્શાવેલ છે. "<u>ના વાંધાનાં પ્રમાણપત્રની નકલ અને જો ના હોય તો સરકારશ્રી તરફથી કોઈ છૂટછાટ આપવામાં આવી છે કે કેમ ? તેની પ્રમાણિત નકલ અથવા રેકર્ડની ચકાસણીની તક</u>" જે નીચે જણાવેલ હુકમ અનુસાર મુદ્દો આપી અરજી ફેંસલ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૫/૦૩/૨૦૧૪ ની અરજીથી મુદ્દા નં. ૧ તથા મુદ્દા નં. ૨ થી અપીલકર્તા સંપૂર્ણ સંતુષ્ટ જણાયેલ છે તથા મુદ્દા નં. ૩ અન્વયે અધુરી વિગત અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) ધ્વારા રેકર્ડ ઉપરની દાર્શનિક માહિતી પુરી પાડેલ છે. તેમ છતાં અપીલકર્તા જો રેકર્ડની ચકાસણી કરવા માંગતા હોય તો આગોતરા સમય મેળવી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીને જાણ કરી નિયમોનુસાર રેકર્ડ તપાસણી કરી શકાશે અને તપાસણી દરમ્યાન જો કોઈ માહિતીની જરૂરીયાત હોય તો તે પણ નિયમોનુસાર નાણાં ચુકવ્યેથી આપી શકાશે અને તેઓની તા. ૦૩/૦૫/૨૦૧૪ ની અપીલ અન્વયે રેલ્વે ઓથોરીટીના નિયમ મુજબ સુરત મહાનગરપાલિકાના બાંધકામ DCR મુજબ રેલ્વે ટ્રેકથી કેટલા મીટરનાં અંતરે બાંધકામની જોગવાઈ અંગે સુરત મહાનગરપાલિકાના શહેર વિકાસ વિભાગ મારફત તથા વેસ્ટર્ન રેલ્વેનાં સેકશન એન્જી(વર્કસ) ખાતેથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. એસયુસી/ OH / ૫૯૩
તા. ૫/૬/૧૪

(sd/-) 05/06/14
(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા

પ્રતિ : (૧) શ્રી જીજ્ઞેશ એ. ટોપીવાલા .................... પ્રતિ

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

AE Jignesh Patel
Yadav.

5.6.14

D/S.C/RTI/APIL-1.

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૨/૨૦૧૪–૧૫,
તા. ૧૨/૦૯/૨૦૧૪
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

**અરજદાર :** શ્રી અનુપમ ઘનશ્યામ જગનાની

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય :– આર.ટી.આઈ એકટ હેઠળશ્રી અનુપમ ઘનશ્યામ જગનાની તા. ૦૬/૦૮/૨૦૧૪ની અરજી આઈ. ડી. નં ૪૩૬ અઠવા ઝોન હેઠળ માંગેલ માહિતી અન્વયે તબદીલ થયેલ અરજીમાં મુદ્દા નં. (૨–સી)આ ઝોનમાં કેટલા ઈ.ડબલ્યુ.એસ આવાસ નિર્માણ આધીન છે. અને (ડી) આ ઝોનમાં આવેલ દરેક ઈ.ડબલ્યુ આવાસમાં ધર્મ આધારીત કેટલા નાગરીકોને ફાળવવી કરેલ છે. તેની સંખ્યા લાભાર્થી સુચિત સાથેની માહીતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા. ૧૨/૦૯/૨૦૧૪ ક્રમાંક એસયુસી/ઈન/૦૨/૨૦૧૪

શ્રી અનુપમ ઘનશ્યામ જગનાનીની અરજી આઈ.ડી.નં. ૪૩૬ તા. ૦૬/૦૮/૨૦૧૪ અઠવા ઝોન ધ્વારા ઉપરોકત અરજીનાં મુદ્દા નં. (સી) : આ ઝોનમાં કેટલા EWS આવાસ નિર્માણ આધીન છે. મુદ્દા નં. (ડી) : આ ઝોનમાં આવેલ દરેક EWS આવાસનાં ધર્મ આધારિત કેટલા નાગરિકને ફાળવણી કરેલ છે. તેની સંખ્યા, લાભાર્થીની સૂચી સાથે આંશિક તબદીલ અત્રેનાં ખાતાને પત્ર ક્રમાંક (અઠવાઝોન)/આર.ટી.આઈ/નં. ૭૨૧ તા. ૧૯/૦૮/૨૦૧૪ થી કરેલ. મજકુર અરજદારે આઈ.ડી. નં. ૪૩૬, તા. ૦૬/૦૮/૨૦૧૪ થી નીચે મુજબ માહિતી માંગેલ મુદ્દા નં. (એ) આ ઝોનમાં કેટલા ઈ.ડબલ્યુ. તથા સુડા આવાસ છે અને તે કયા કયા વિસ્તારમાં આવેલા છે. મુદ્દા નં. (બી) આ ઝોનમાં આવાસના કબજા આપી દેવામાં આવેલા છે. મુદ્દા નં. (સી) આ ઝોનમાં કેટલા ઈ.ડબલ્યુ. આવાસ નિર્માણ આધીન છે. મુદ્દા નં. (ડી) આ ઝોનમાં આવેલ દરેક ઈ.ડબલ્યુ આવાસમાં ધર્મ આધારીત કેટલા નાગરીકોને ફાળવણી કરેલ છે તેની સંખ્યા લાભાર્થીની સુભી સાથે. મુદ્દા નં. (ઈ) આ ઝોનમાં વોર્ડ અંતર્ગત કેટલા મંદિર, દેરાસર, ગુરુધ્વારા અને બૌધ્ધ મઠ છે અને તેનો વિસ્તાર કેટલો છે. મુદ્દા નં. (એફ) આ ઝોનમાં વોર્ડ અંતર્ગત કેટલી મસ્જિદો આવેલ છે અને તેના પર કેટલા લાઉડ સ્પીકરો મૂકવામાં આવેલા છે અને તે પરવાનગી વાળા અને પરવાનગી વગરના તેની વિસ્તાર સાથેની વિગત. મુદ્દા નં. (જી) આ ઝોનમાં કેટલા મદ્રેસા, ચર્ચ, કબ્રસ્તાન, દર્ગાહ, મજાર અને કતલ ખાના આવેલ છે. તેમાં કાયદેસર કેટલા અને બીન કાયદેસર કેટલા તેની વિસ્તાર સહીત સંખ્યા. જે અન્વયે અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) ના પત્ર નં. એસયુસી/આઉટ/૧૧૯૯, તા. ૨૭/૦૮/૨૦૧૪ થી નીચે મુજબ જવાબ આપવામાં આવેલ.

મુદ્દા નં. (સી) : આ ઝોનમાં કેટલા EWS આવાસ નિર્માણ આધીન છે.

જવાબ : સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં હાલમાં સુરત નગરપાલિકા ધ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત નીચે જણાવેલ વિગતે EWS આવાસોનું બાંધકામ પ્રગતિમાં છે.

| અ.નં. | સાઈટ વિગત | EWS આવાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | ટી.પી. સ્કીમ નં. ૨૮(અલથાણ–ભટાર) ફા.પ્લોટ નં. ૧૫૨ | ૨૭૨ |

મુદ્દા નં. (ડી) : આ ઝોનમાં આવેલ દરેક EWS આવાસનાં ધર્મ આધારિત કેટલા નાગરિકને ફાળવણી કરેલ છે. તેની સંખ્યા, લાભાર્થીની સૂચી સાથે.

જવાબ : સુરત મહાનગરપાલિકા ધ્વારા આવાસોની ફાળવણી સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૮૩૮/૨૦૦૭ તા. ૨૮/૧૨/૨૦૦૭ તથા સ્થાયી સમિતિ ઠરાવ નં. ૮૧૪/૨૦૦૯ તા. ૦૨/૦૭/૨૦૦૯ થી મંજુર થયેલ નીતિનિયમો મુજબ કરવામાં આવે છે. જેમાં ધર્મ આધારિત ફાળવણીની કોઈ જોગવાઈ નથી.

અરજદારની ૦૬/૦૮/૨૦૧૪ ની અરજીના અનુસંધાને જાહેર માહીતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. SUC/આઉટનં. ૧૧૯૯ ના ૨૭/૦૮/૨૦૧૪ થી ઉપર મુજબ મુદ્દા નં. (સી) અને (ડી) ની માહીતી મજકુર અરજદારને પુરી પાડવામાં આવેલ. પરંતુ મુદ્દા નં. (એ) ઝોનમાં કેટલા ઈ.ડબલ્યુ.એસ. તથા સુડા આવાસ છે અને તે કયા કયા વિસ્તારમાં આવેલા છે. (બી) આ ઝોનમાં આવાસના કબજા આપી દેવામાં આવેલા છે. તે વિગતો સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતી હોવા છતાં જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ મજકુર અરજદારને પૂરી પાડેલ નથી. જ્યારે મુદ્દા નં. (ઈ), (એફ), (જી) ની માહિતીનો સમાવેશ સંબંધિત ઝોનના કાર્યક્ષેત્રમાં થાય છે. મજકુર અરજદારની તા. ૧૨/૦૯/૨૦૧૪ની અપીલ અરજી નં. SUC/ઈન/૦૨/૨૦૧૪ અત્રે સ્લમ અપગ્રેડેશન વિભાગનાં મળેલ જેમાં SUC/OUT/૧૧૯૯ તા. ૨૭/૦૮/૨૦૧૪ થી માત્ર મુદ્દા નં. સી અને ડી ની માહિતી આપેલી અને તે પણ અધુરી અને અપૂરતી છે તે મુજબ અપીલમાં જણાવેલ છે. મજકુર અરજદારને અપીલ અરજીમાં જણાવેલ બાબતે અસંતોષ હોય કે તેઓનાં પક્ષે કોઈ રજુઆત કરવા માંગતા હોય તો તે તા. ૦૯/૧૦/૨૦૧૪ નાં રોજ સાંજે ૪ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા શ્રી અનુપમ ઘનશ્યામ જગનાની અને જાહેર માહીતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) અત્રે પત્ર ક્રમાંક SUC/OUT/૧૪૪૦ તા. ૩૦/૦૯/૨૦૧૪ થી પત્ર પાઠવવામાં આવેલ જે અન્વયે તા. ૦૯/૧૦/૨૦૧૪ નાં રોજ શ્રી અનુપમ ઘનશ્યામ જગનાની સાંજે ૪ કલાકે હાજર રહેલ ન હતા. તેમ છતાં તેઓને વધારાની એક તક આપવાના હેતુસર ફરીવાર અત્રેની કચેરી પત્ર ક્રમાંક SUC/OUT/૧૪૭૯ તા. ૦૯/૧૦/૨૦૧૪ નાં પત્રથી રજુઆત સંદર્ભે તા. ૧૬/૧૦/૨૦૧૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે શ્રી અનુપમ ઘનશ્યામ જગનાની તથા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને હાજર રહેવા જાણ કરેલ. જે સંદર્ભે મજકુર અરજદારે તા. ૧૦/૧૦/૨૦૧૪ ના પત્રથી લેખિત રજુઆત કરેલ છે. જેમાં તેમની નાદુરસ્ત તબિયતને કારણે તેઓ હાજર રહી શકે તેમ ન હોવાથી અપીલમાં જણાવેલ મુદ્દા વિગતવાર આપને રવાના કરેલ છે. અને તે મુદ્દાઓ કાયદેસર તેમજ ધ્યાને લેવા પાત્ર છે. તેઓને સામાવાળાએ (માહીતી અધિકારી) માંગ્યા મુજબની માહીતી પુરી પાડેલ નથી જેથી તેઓને સામાવાળાથી ગ્રીવન્સ થયેલ છે. જે હકીકત રેકર્ડ ઉપરથી જાણી શકાય તેમ છે. તેઓને ઓરીજીનલ માહીતી માંગતું ફોર્મ તથા સામાવાળાએ મોકલેલ અધુરી અને પુરાવા વગરની માહીતીનો પત્ર આપને રવાના કરેલ છે. જેને તેઓની રજુઆત ગણી આપશ્રીને મળેલ સત્તા અન્વયે માહીતી અધિકારીને તેઓની સંપૂર્ણ માંગ્યા મુજબની માહિતિ આપવા આદેશ કરવો અથવા તેઓ નવેસરથી માહીતી મેળવી પુરી પાડે તેવો આદેશ આપવા વિનંતી કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ અરજદાર શ્રી અનુપમ ઘનશ્યામ જગનાનીની તા. ૧૦/૧૦/૨૦૧૪ ની લેખિત રજૂઆત તથા સામાવાળા જાહેર માહીતી અધિકારીશ્રી (ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ) સાથે તા. ૧૬/૧૦/૨૦૧૪ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે ઓફીસમાં રૂબરૂ સુનાવણી થયા બાદ મજકુર અરજદારની તા. ૦૬/૦૮/૨૦૧૪ આઈ.ડી. ... ૪૩૬ ની અરજીના મુદ્દા નં.

(એ), (બી) ની જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) ધ્વારા નહી પૂરી પાડવામાં આવેલ માહિતી બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી અને ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૦૬/૦૮/૨૦૧૪, આઈ.ડી.નં. ૪૩૬ ની અરજીના મુદ્દા નં. (એ), (બી) અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ નહી પૂરી પાડેલ માહિતી મજકુર અરજદારને વિનામૂલ્યે આ હુકમ મળ્યેથી દિન–૭ માં પૂરી પાડવી અને હવે પછી આ બાબતે કાળજી લેવા ચેતવણી આપવામાં આવે છે. મુદ્દા નં. (એ) થી (ડી) ની વધુ માહિતી મેળવવા અરજદાર મજકુર સ્લમ અપગ્રેડેશન વિભાગમાં આગોતરા સમય મેળવી ઈન્સપેકશન કરવા માટે સ્વતંત્ર છે. તેમજ મુદ્દા નં. (એ) થી (ડી) સિવાયના અન્ય મુદ્દાઓ બાબતે અઠવાઝોનમાંથી માહિતી મેળવવા અરજદાર મજકુર સ્વતંત્ર છે.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર બ્યુરોભવન, સેકટર–૧૮, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશો.

૨૧/૧૧/૧૫

(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા

નં. એસયુસી ૧૮૨૬
તા. ૨૧/૧૧/૧૪

પ્રતિ : (૧) શ્રી અનુપમ ઘનશ્યામ જગનાની .................... પ્રતિ

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/FAP/03/2014-15
તા. ૦૬.૧૨.૨૦૧૪
મો. નં. ૯૯૧૩૨ ૯૯૯૬૮

અરજદાર : ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખ

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

ફરીયાદની હકીકત :

વિષય : આર.ટી. આઈ. એકટ હેઠળ શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખની તા. ૦૧.૧૧.૨૦૧૪ ની અરજી, આઈ. ડી. નંબર ૧૭૦૭ અરજીમાં (૧) મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ નેશનલ બિલ્ડીંગ કોડનો અમલ કરવામાં આવે છે કે કેમ ? જો હા હોય તો નીચેની માહિતી આપશો. વિ. બાબતની માહિતી આપવા અંગે

સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ તા. ૦૬.૧૨.૨૦૧૪ ક્રમાંક એસયુસી/ઈન/નં. ૩૫૮૯, અપીલ નંબર SUC/FAP/03, તા. ૦૬.૧૨.૨૦૧૪

શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખની આર. ટી.આઈ. એકટ હેઠળ આઈ.ડી.નંબર ૧૭૦૭, તા. ૦૧.૧૧.૨૦૧૪, મુખ્ય કચેરી, સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ અરજી સેન્ટ્રલ ઝોન ધ્વારા તેઓના પત્ર નં. ૨૪૭૦, તા. ૧૦.૧૧.૨૦૧૪ થી અરજી સ્લમ અપગ્રેડેશન વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના વિભાગને એસયુસી/ઈન/નં. ૩૫૮૯, તા.૧૩.૧૧.૨૦૧૪ થી મળેલ. જે અન્વયે મજકુર અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) નાં પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૧૮૦૭, તા. ૧૯.૧૨.૨૦૧૪ થી નીચે મુજબ જવાબ આપવામાં આવેલ.

મુદ્દા નં. (૧) મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ નેશનલ બિલ્ડીંગ કોડનો અમલ કરવામાં આવે છે કે કેમ ? જો હા તો નીચેની માહિતી આપશો

જવાબ મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ આયોજીત નિવાસોનાં પ્લાનીંગ અને ડિઝાઈનીંગની કામગીરી અત્રે થી આ ક્ષેત્રમાં નિષ્ણાત હોય તેવા સ્ટ્રકચરલ કન્સલટન્ટોને સક્ષમ સત્તાની મંજુરીથી સોંપવામાં આવેલ છે અને તેઓ તરફથી મુખ્યમંત્રી ગૃહ યોજનામાં આપેલ ગાઈડ લાઈન અનુસાર તેમજ પ્રવર્તમાન I.S. CODE G.D.C.R નેઅનુલક્ષીને પ્લાનીંગ અને ડિઝાઈન કરવા માટે સૂચના આપવામાં આવેલ છે. તથા જરૂર જણાયે મકાનની બાહય દિવાલો NBC મુજબ બનાવવાની રહે છે.

મુદ્દા નં. (૨) મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ બની રહેલા મકાનોની વાવાઝોડા અને ધરતીકંપની સર્ટીફીકેટની નકલ

જવાબ મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ આયોજીત મકાનોનાં પ્લાનીંગ અને સ્ટ્રકચરલ ડિઝાઈન તૈયાર કરતી વખતે ઉકત મુદ્દાઓ ધ્યાનમાં રાખવામાં આવે જ છે. હાલમાં બાંધકામો પ્રગતિમાં છે. જે પૂર્ણ થયેથી મુખ્યમંત્રી ગૃહ યોજનાની ગાઈડ લાઈન મુજબ વિવિધ કામો એ નિયુકત કરેલ સ્ટ્રકચરલ કન્સલટન્ટ તરફથી પ્રમાણપત્ર મેળવવામાં આવનાર છે.

મુદ્દા નં. (૩) મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ બની રહેલા આવાસ યોજના સ્ટ્રકચરલ લાઈફ ઓછામાં ઓછી કેટલા વર્ષની છે તેના પ્રમાણ પત્રની નકલ

જવાબ મુખ્યમંત્રીગૃહ યોજના અંતર્ગત આવાસોનાં બાંધકામો પ્રગતિમાં છે. આ આવાસોની સ્ટ્રકચરલ લાઈફ પ[illegible] વર્ષની હોવા બાબતે સ્ટ્રકચરલ કન્સલટન્ટ તરફથી પ્રમાણપત્ર મેળવવામાં આવનાર છે.

મુદ્દા નં. (૪) મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળના આવાસ યોજનાઓ માટેનો ડીફેક્ટ લાયબીલીટી પીરીયડ ઓછામાં ઓછો કેટલા વર્ષનો રાખવામાં આવેલ છે તેની કોન્ટ્રાકટર સાથેના એગ્રીમેન્ટ નકલ.

જવાબ મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ટેન્ડર પ્રોવિઝન અનુસાર ડીફેક્ટ લાયેબીલીટી પીરીયડ દસ વર્ષનો રાખવામાં આવેલ છે. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ કુલ ૪૮ પેકેજ અંતર્ગત હાલમાં LIG અને EWS આવાસોના બાંધકામ પ્રગતિ હેઠળ છે. સદર કામોએ સક્ષમસતાની મંજુરીને આધિન વિવિધ ઈજારદારોને સોંપવામાં આવેલ કામગીરી માટે ઈજારદારો સાથે કરવામાં આવેલ એગ્રીમેન્ટ કોપીના કુલ અંદાજે ૧૯૬ પાના માટે પ્રત્યેક પાના દીઠ રૂા. ૨/-- લેખે કુલ રૂા. ૩૯૨/– જમા કરાવ્યેથી એગ્રીમેન્ટની નકલ આપવામાં આવશે.

અરજદારની આર.ટી.આઈ. એક્ટ હેઠળની આઈ. ડી. નંબર ૧૭૦૭, તા. ૦૧.૧૧.૨૦૧૪ ની અરજી સ્લમ અપગ્રેડેશન વિભાગને એસયુસી/ઈન/નં. ૩૫૮૯, તા. ૧૩.૧૧.૨૦૧૪ થી મળેલ. જે અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી મુદ્દા નં. ૧ થી ૪ અંગે મજકુર અરજદારને જવાબ પાઠવવામાં આવેલ. મજકુર અરજદારની તા. ૦૬.૧૨.૨૦૧૪ ની અપીલ અરજી એસયુસી/ઈન/નં. ૩૯૮૯ અત્રે સ્લમ અપગ્રેડેશન વિભાગને મળેલ. જે અન્વયે એસયુસી/આ./૧૮૦૭, તા. ૧૯.૧૧.૨૦૧૪ થી મુદ્દા નંબર ૧ થી ૪ અંગે માહિતી આપેલ. જે સ્પષ્ટ નથી તે મુજબ અપીલમાં જણાવેલ છે. મજકુર અરજદારને અપીલ અરજીમાં જણાવેલ બાબતે અસંતોષ હોય કે તેઓનાં પ્રશ્ન અંગે રજુઆત કરવા માંગતા હોય તો તા. ૧૩.૦૧.૨૦૧૫ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખ અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) અત્રે પત્રક્રમાંક : એસયુસી/આ./નં. ૨૧૫૫, તા. ૦૨.૦૧.૨૦૧૫ થી પત્ર પાઠવવામાં આવેલ. જે અન્વયે મજકુર અરજદારને તા. ૧૩.૦૧.૨૦૧૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે હાજર રહેલ. તેઓને સામાવાળાએ (જાહેર માહિતી અધિકારી) માંગ્યા મુજબની માહિતી અપુરતી અને અધુરી પુરી પાડેલ હોવાનું જણાવેલ. જેને તેઓની રજુઆત ગણી આપશ્રીને મળેલ સત્તા અન્વયે માહિતી અધિકારીશ્રીને તેઓની માંગ્યા મુજબની માહિતી આપવા આદેશ કરવા અથવા નવેસરની માહિતી મેળવી પુરી પાડે તેવો આદેશ કરવા રજુઆત કરેલ. મુદ્દા નં. (૧) ના જવાબમાં જાહેર માહિતી અધિકારીશ્રીએ તેમના લેખિત જવાબ ઉપરાંત અપીલ દરમ્યાન મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગતના તમામ આવાસમાં બિલ્ડીંગોની સ્ટ્રકચર ડીઝાઈન સુરત મહાનગરપાલિકાના પેનલના સ્ટ્રકચરલ કન્સલટન્ટ મારફત કરાવવામાં આવે છે. સ્ટ્રકચરલ કન્સલટન્ટ ધ્વારા બિલ્ડીંગ ડીઝાઈન પ્રવર્તમાન તમામ બિલ્ડીંગ કોડ, ડેવલોપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનનો તથા ભૂકંપ પ્રતિરોધકના તમામ નીતિનિયમો તેમજ NBC નો તમામ જોગવાઈઓ ધ્યાને લઈને સ્ટ્રકચર ડીઝાઈન અને પ્લાનીંગ કરવામાં આવે છે. આ અંગેનું પ્રુફ ચેકીંગ SVNIT જેવી નેશનલ ઈન્સ્ટીટ્યુટ પાસે કરાવવામાં આવે છે તે મુજબ જણાવેલ છે. જયારે આ બાબત તેઓને લેખિત જવાબમાં જણાવેલ નથી. મુદ્દા નં. (૨) ના જવાબમાં જાહેર માહિતી અધિકારીશ્રીએ તેમના લેખિત જવાબ ઉપરાંત અપીલ દરમ્યાન મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત હેઠળના કામો પ્રગતિમાં હોય, વાવાઝોડા કે ધરતીકંપ પ્રતિરોધક પ્રમાણપત્ર મેળવેલ નથી. કામ પૂર્ણ થયેલ પ્રમાણપત્ર મેળવવામાં આવશે. હાલમાં વાવાઝોડા કે ધરતીકંપ પ્રતિરોધક પ્રમાણપત્ર મેળવેલ નહી હોવાથી આપી શકાય તેમ નથી. તે મુજબ જણાવેલ છે. જે બાબત તેઓના લેખિત જવાબમાં જણાવેલ નથી. મુદ્દા નં. (૩) ના જવાબમાં જાહેર માહિતી અધિકારીશ્રીએ મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત બની રહેલ આવાસ યોજના સ્ટ્રકચર લાઈફ કેટલાં વર્ષની છે તે બાબતે આવાસના બાંધકામો ચાલુ હોય તે અંગેનું

...પત્ર સક્ષમ સત્તા પાસે મેળવેલ નથી. જેથી હાલમાં આપી શકાય તેમ નથી. તેનો ઉલ્લેખ કરેલ નથી. તેમના લેખિત જવાબ ઉપરાંત અપીલ દરમ્યાન જણાવેલ છે. જે બાબત તેમનાં લેખિત જવાબમાં જણાવેલ નથી. મુદ્દા નં. (૪) ના જવાબમાં મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ટેન્ડર પ્રોવિઝન અનુસાર ડીફેકટ લાયેબીલીટી પીરીયડ દસ વર્ષનો રાખવામાં આવેલ છે. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ કુલ ૪૮ પેકેજ અંતર્ગત હાલમાં LIG અને EWS આવાસોના બાંધકામ પ્રગતિ હેઠળ છે. સદર કામોએ સક્ષમસતાની મંજુરીને આધિન વિવિધ ઈજારદારોને સોંપવામાં આવેલ કામગીરી માટે ઈજારદારો સાથે કરવામાં આવેલ એગ્રીમેન્ટ કોપીના કુલ અંદાજે ૧૯૬ પાના માટે પ્રત્યેક પાના દીઠ રૂા. ૨/– લેખે કુલ રૂા. ૩૯૨/– જમા કરાવ્યેથી એગ્રીમેન્ટની નકલ આપવામાં આવશે.પરંતુ નકલ મેળવવા માટેનો ચાર્જ ભરી નકલ મેળવેલ નથી.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ અરજદારશ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખની તા. ૦૬.૧૨.૨૦૧૪ ની અપીલ અરજીની રજુઆત તથા સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)સામે તા. ૧૩.૦૧.૨૦૧૫ નાં રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી થયા બાદ મજકુર અરજદારની તા. ૦૧.૧૧.૨૦૧૪, આઈ. ડી. નં. ૧૭૦૭ ની અરજી તબદીલ થઈ સ્લમ અપગ્રેડેશન વિભાગને એસયુસી/ઈન/નં. ૩૫૮૯, તા. ૧૩.૧૧.૨૦૧૪ નાં મળેલ. જેનાં મુદ્દા નંબર ૧ થી ૪ ની જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ધ્વારા અપુરતી અને અધુરી માહિતી બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી અને ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર મજકુરની તા. ૦૧.૧૧.૨૦૧૪ ની આઈ. ડી. નં. ૧૭૦૭ ની અરજીના મુદ્દા નં. ૧ થી ૩ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગે)એ નહીં પુરી પાડેલ માહિતી આ હુકમ મળ્યેથી આર. ટી. આઈ. એકટની કલમ ૨ (એફ) અને ૨ (જે) મુજબ પાયાની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી દિન–૭ માં પુરી પાડવી. અને હવે પછી આ બાબતે કાળજી લેવા ચેતવણી આપવામાં આવે છે. મુદ્દા નં. ૧ થી ૩ ની વધુ માહિતી મેળવવા અરજદાર મજકુર સ્લમ અપગ્રેડેશન વિભાગમાં આગોતરા સમય મેળવી ઈન્સ્પેકશન કરવા સ્વતંત્ર છે. તેમજ મુદ્દા નં. ૪ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે . ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ નિયત સમયમાં કરેલ પ્રસ્તાવ અનુસાર અરજદાર મજકુર આર. ટી.આઈ. એકટની કલમ – ૭ (૩) મુજબ માહિતી મેળવવા સ્વતંત્ર છે.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, બ્યુરો ભવન, સેકટર–૧૮, ગાંધીનગર બીજી અપીલ કરી શકશો.

SUC/OUT/No. 2517
Date 12/2/15

(signature) 12/02/15
(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખ પ્રતિ....,
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ..., જાણ તથા અમલ માટે

D:\Nalini PC  E\SLUM D  DRIVE\SLUM UPGRADE BACKUP\C\N\Right to information\APIL.docx